વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૧૨ • તારીખ : ૧૨ ડિસેમ્બર ૨૦૨૪, ગુરુવાર • વર્ષ : ૧૬ • અંક : ૧૬૧
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ • અમદાવાદ • કિંમત : રૂા. ૨.૦૦ • પાના : ૮

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

2વર્ષ
સેવા, સંકલ્પ અને સમર્પણના


માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં

## 2 વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના



"આજે ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે,
2047 માં વિકસિત ભારતના નિર્માણમાં
ગુજરાતનું યોગદાન અભૂતપૂર્વ રહેશે."

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માનનીય વડાપ્રધાન



"વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2047 સુધીના અમૃતકાળને કર્તવ્યકાળ ગણાવ્યો છે. આપણે સહુ કર્તવ્યકાળમાં વિકસિત ગુજરાતના નિર્માણથી વિકસિત ભારતના નિર્માણ માટે કટિબદ્ધ થઈએ."

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### ન્યુઝ બોક્ષ

## હીરામાં મંદીથી અમરેલી જિલ્લામાં ૫૦૦ કારખાનાંમાં લોકડાઉન

। (એજન્સી) અમરેલી, તા.૧૧ ।

હીરા ઉદ્યોગમાં મંદીથી અમરેલીમાં હીરાના ૫૦૦ જેટલા કારખાનાંને તાળાં લાગ્યા છે. હીરાઉદ્યોગ સાથે સંકળાયેલા હજારો કારીગર બેરોજગાર બન્યા છે. આશરે ૪૭ હજાર કારીગરો બેરોજગારીના સકંજામાં ફસાયા છે. મળતી માહિતી મુજબ, કેટલીક જગ્યાએ કારખાના ૧૨ કલાકની જગ્યાએ ૬ કલાક ચાલે છે. પહેલાની સરખામણીએ હીરા કારીગરોને પગાર ઓછો અપાય છે. ગુજરાતમાં સુરતમાં સૌથી વધારે હીરાના વેપાર થાય છે. સૌરાષ્ટ્રના અનેક શહેરમાં હીરાના નાના મોટા કારખાના આવેલા છે. અમરેલી જિલ્લામાં એક સમયે ૧૨૦૦ કારખાના હતાં. જો કે હીરા ઉદ્યોગમાં મંદી આવતા રહેતાં હાલ અમરેલીમાં ૯૦૦ કારખાના રહ્યાં છે, જેમાં ૫૦ હજાર જેટલા કારીગરો કામ કરે છે. ફરીવાર મંદી દેખાતા અમરેલી જિલ્લામાં ૫૦૦ જેટલા કારખાનાને તાળા લાગી ગયા છે. દિવાળી પહેલા કારખાનાઓ બંધ થયા પછી લાભપાંચમ બાદ પણ કારખાના શરૂ ન થતાં રત્ન કલાકારો મુશ્કેલીમાં મુકાયા છે. દિવાળીના તહેવાર બાદ લાઠી, અમરેલી, બાબરા, બગસરા, સાવરકુંડલા સહિતના તુલાકાના નાના મોટા હીરાના કારખાનાના ધંધા પર મોટી અસર પડી છે.

અહીં ખેતી બાદ લોકો હીરા ઉદ્યોગ પર નભે છે. હાલ રત્ન કલાકારોની રોજગારી પર સવાલ ઉભો થયો છે. જિલ્લાના ૪૭૦૦૦ કારીગરો કેવી રીતે આવક મેળવશે તે મોટો સવા લસર્જાયો છે. આ કારણે યુવકો પણ ખેતીના માર્ગે વળી ગયાહ હોવાનું મનાય છે. દિવાળીના તહેવાર બાદ લાઠી, અમરેલી, બાબરા, બગસરા, સાવરકુંડલા સહિતના તુલાકાના નાના મોટા હીરાના કારખાનાના ધંધા પર મોટી અસર પડી છે. અહીં ખેતી બાદ લોકો હીરા ઉદ્યોગ પર નભે છે. હાલ રત્ન કલાકારોની રોજગારી પર સવાલ ઉભો થયો છે. જિલ્લાના ૪૭૦૦૦ કારીગરો કેવી રીતે આવક મેળવશે તે મોટો સવા લસર્જાયો છે. આ કારણે યુવકો પણ ખેતીના માર્ગે વળી ગયાહ હોવાનું મનાય છે. જિલ્લાના ૪૭૦૦૦ કારીગરો કેવી રીતે આવક મેળવશે તે મોટો સવા લસર્જાયો છે. આ કારણે યુવકો પણ ખેતીના માર્ગે વળી ગયાહ હોવાનું મનાય છે.

### ૧૦ સેકન્ડમાં માર્યા દસ ચપ્પાના ઘા

# સુરતમાં પાર્કિંગ કરવા જેવી સામાન્ય બાબતમાં એકની હત્યા

### સુરતમાં ગુનાઓની સંખ્યા સતત વધી રહી છે : લોકોની હત્યા કરવી તો સામાન્ય વાત હોય તેમ લાગી રહ્યું છે

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

લોકોની માનસિકતા કેટલી હદે ક્રુર થઈ ચુકી છે તેના એક બાદ એક બનાવો સામે આવી રહ્યાં છે અને આવી જ વધુ એક ઘટના સામે આવી છે. સુરતના ઉધના વિસ્તારમાંથી કે જ્યાં પાર્કિંગ કરવા જેવી નજીવી બાબતે ચપ્પુના ઉપરા છાપરી ઘા મારી આધેડને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો. જે ઘટનાના સીસીટીવી પણ સામે આવી ચુક્યા છે. સુરતમાં ફરી એકવાર હત્યાનો મામલો સામે આવ્યો છે. શહેરના ઉધના વિસ્તારમાં વાહન પાર્ક કરવા જેવી સામાન્ય બાબતે એક લુખ્ખાએ વેપારીને ચપ્પુના ધડાધડ ૧૦ ઘા ઝીંકી હત્યા નિપજાવતાં ચકચાર મચી છે.તો હત્યાનો આ હચમચાવતો બનાવ નજીકમાં લાગેલા સીસીટીવીમાં કેદ થયો છે, જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કઈરીતે આરોપી માત્ર ૧૦ સેકન્ડમાં જ વેપારીને ચપ્પુના ૧૦ ઘા મારી રહ્યો છે. ઘટના બનતાની સાથે જ લોકોએ હિંમત કરી આરોપીને લોહી નીતરતા ચપ્પુ સાથે ઝડપી પાડી પોલીસને હવાલે કર્યો હતો. ત્યારે પોલીસે આરોપીને ઝડપી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં આરોપી સામે ભૂતકાળમાં એકથી વધુ ગુનાઓ નોંધાયેલા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઘટનાની વિસ્તારથી વાત કરીએ તો મૃતક સુભાષ ખટિક, મૂળ રાજસ્થાનના અને ડિંડોલીમાં રહેતા હતા. સુરતના સ્ટેશન વિસ્તારમાં તેમની ઈલેક્ટ્રોનિક્સ દુકાન હતી. તેમના ભાઈ રાકેશની ઉધનામાં મહાવીર કોમ્પ્લેક્સમાં દુકાન છે. સોમવારે સાંજે સુભાષભાઈની દુકાને આવ્યા ત્યારે રસ્તા વચ્ચે બાઈક પડેલી જોવા મળી હતી.સુભાષે બાઈક હટાવવા માટે નીરજ ગંગાસાગરને વિનંતી કરી, પ રંતુ નીરજે બાઈક હટાવવાની ના પાડી અને વિવાદ થયો. સુભાષે થોડીવારમાં બાઈક પાર્ક કરીને પરત આવીને ફરી વિવાદ કર્યો, એના પરિણામે ઉશ્કેરાયેલા નીરજે પોતાના ચપ્પુથી સુભાષની છાતીમાં ૧૦ જ સેકન્ડમાં ઉપરાછાપરી ૧૦ ઘા મારી દીધા.આકસ્મિક હુમલાના કારણે સુભાષ ગંભીર રીતે લોહીલુહાણ થઈ જમીન પર ફસડાઈ પડ્યો.જેને તાત્કાલીક હોસ્પિટલ ખસેડાતા તબીબે મૃ ત જાહેર કર્યો હતો. આરોપીએ જાહેરમાં હત્યાને અંજામ આપ્યા બાદ નીરજ ત્યાંથી ફરાર થાય એ પહેલાં જ સ્થાનિક લોકોએ આરોપીને લોહી નીતરતા ચપ્પુ સાથે દબોચી લઈ પોલીસને હવાલે કર્યો હતો.

### બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પરના હુમલાનો વિરોધ

# અમદાવાદમાં માનવ સાંકળ રચી કરાયું વિરોધ પ્રદર્શન

### બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થતા હુમલાને લઈને ભારતમાં થઈ રહેલ ઠેર-ઠેર વિરોધના અમદાવાદમાં પણ પડઘા પડ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થતા અત્યાચારો સામે નોઈડા, અંબાલા સહિત અમદાવાદમાં પણ વિરોધનો વંટોળ શરૂ થયો. હિન્દુ હિતરક્ષક સમિતિ દ્વારા આજે અમદાવાદમાં આ અત્યાચારો સામે વિરોધ નોંધાવવામાં આવશે. શહેરમાં ભારતીય જનતા પાર્ટી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ હિન્દુ હિતરક્ષક સમિતિ દ્વારા વલ્લભ સદન રિવરફ્રન્ટ ખાતે માનવ સાકળનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ખાસ સભાનું પણ આયોજન કરાયું હતું. જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થતા હુમલાને લઈને ભારતમાં થઈ રહેલ ઠેર-ઠેર વિરોધના અમદાવાદમાં પણ પડઘા પડ્યા. આજે સવારે ૮.૩૦થી ૯.૧૫ સુધી રિવરફ્રન્ટ ખાતે વિશાળ માનવ સાકળ રચી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.બાંગ્લાદેશમાં હિંદુઓનો નરસંહાર થઈ રહ્યો છે, જેના કારણે સમગ્ર સનાતની ભેગા થયા છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. આ જ કારણ છે કે ભારતમાં ગુસ્સો વધી રહ્યો છે. દેશના જુદા જુદા ભાગોમાં લોકોએ હિંસાનો વિરોધ કર્યો. બાંગ્લાદેશની વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસના પૂતળા બાળવામાં આવ્યા હતા. લોકોએ બાંગ્લાદેશી સામાનનો બહિષ્કાર કરવાની પણ અપીલ કરી હતી.જણાવી દઈએ કે બાંગ્લાદેશમાં હિંદુઓ પર અત્યાચારની ઘટનાઓ સતત વધી રહી છે. થોડા દિવસો પહેલા એક હિંદુ મંદિરમાં હુમલાખોર ટોળા દ્વારા તોડફોડ કરવામાં આવી હતી, જે બાદ ભારતમાં સનાતનીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચારની સખત શબ્દોમાં નિંદા કરતા સમગ્ર ભારતમાં તેના ઉગ્ર પડઘા પડી રહ્યા છે. ભારતમાં અનેક સ્થાનો પર વિરોધ પ્રદર્શન સાથે પગપાળા પદયાત્રા કાઢવામાં આવી હતી.આ સાથે તમામ હિંદુ સંગઠનોએ આ અત્યાચાર સામે લડત આપ વા મોટા આંદોલનની ચીમકી આપી છે.

### પાદરા તાલુકાના પીપળી ગામે અફરા તફરી મચી

# વડોદરા પાસે પક્ષીએ મધપૂડાને ચાંચ મારતાં છંછેડાયેલી મધમાખીઓએ પાંચને ઘાયલ કર્યા

### બે મહિલા સહિત ત્રણનો સારવાર માટે દાખલ કરેલા હતા જ્યારે બે વ્યક્તિને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી

। (એજન્સી) પાદરા, તા.૧૧ ।

વડોદરા જિલ્લાના પાદરાના પીપળી થી વડદલા જવાના રોડ ઉપર પીપળી ગામના માજી સરપંચ ના ખેતરમાં શકરાબાજ પક્ષીએ મધ ખાવા મધપૂડાને ચાંચ મારતા કપાસ વીણતા મજૂરો ઉપર ભમરીયું મધમાખી ત્રાટકતા પાંચ ખેત મજૂરોને પાદરા સરકારી દવાખાને ૧૦૮ માં સારવાર માટે લવાયા હતા, જેમાં બે મહિલા સહિત ત્રણનો સારવાર માટે દાખલ કરેલા હતા જ્યારે બે વ્યક્તિને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી.

પાદરાથી પીપળી વડદલા જવાના રોડ ઉપર પીપળીના માજી સરપંચ રઘુવીર સિંહ રાજનું ખેતર આવેલ છે જેઓ એ કપાસની ખેતી કરેલ હોય મુજપુર ગામની સીમના ૧૪ જેટલા અને સેજકુવા ગામના ૮ જેટલા મળી કુલ ૨૨ જેટલા ખેતમજૂરોને છેલ્લા ચારેક દિવસથી કપાસ વીણવા માટે મજૂરી માટે ખેતરમાં આવે છે.જેમાં આજરોજ સવારના ખેતમજૂરો માજી સરપંચના ખેતરમાં કપાસ વીણતા હતા તે દરમિયાન શક્રાબાજ પક્ષી એ મધ ખાવા માટે પૂડાને ઉડાડતા ખેતરમાં મધમાખી એ ચારે બાજુ આંતક મચાવ્યો હતો અને ખેતરમાં મજૂરી કરી ગુજરાન ચલાવતા મજૂરો ઉપર ભમરીયુ મધ માંખી આંતકવાદીઓની જેમ ત્રાટકી હતી અને મજુરો ને નિશાન બનાવતા અફરા તફરી નો માહોલ સર્જાયો હતો મજૂરોમાં નાસભાગ મચી ગઈ હતી મજૂરો ઈજા ગ્રસ્ત થતા ૧૦૮ માં પાદરા સરકારી દવાખાને ખસેડાયા હતા.

ત્રણ વ્યક્તિને ગંભીર રીતે મધમાખીએ ડંખ માર્યા હતા. જેમાં મહેશભાઈ ફતેસિંહ પઢિયાર, ૨.કમળાબેન પઢીયાર, ૩.કૈલાસબેન પઢિયાર રહે.રેલાઈપુરા મુજપુર નો સમાવેશ થાય છે જ્યારે બે વ્યક્તિઓને સામાન્ય ઈજા થતાં પ્રાથમિક સારવાર બાદ રજા અપાઈ હતી. ત્રણ વ્યક્તિને ગંભીર રીતે મધમાખીએ ડંખ માર્યા હતા. જેમાં મહેશભાઈ ફતેસિંહ પઢિયાર, ૨.કમળાબેન પઢીયાર, ૩.કૈલાસબેન પઢિયાર રહે.રેલાઈપુરા મુજપુર નો સમાવેશ થાય છે જ્યારે બે વ્યક્તિઓને સામાન્ય ઈજા થતાં પ્રાથમિક સારવાર બાદ રજા અપાઈ હતી.

## બગસરા નગરપાલિકાના પ્રમુખ દ્વારા જનરલ બોર્ડમાં મનમાની થતા વિવાદ સર્જાયો

। બગસરા, તા.૧૧ ।

બગસરા નગરપાલિકા ફરી આવી વિવાદમાં આવી છે. નગરપ ાલિકાના પ્રમુખ દ્વારા જનરલ બોર્ડમા મનમાની થતા વિવાદ સર્જાયો હતો. નગરપાલિકાની બોર્ડની મિંટિગ ૭ મિનિટમાં પુરી થતા સવાલો ઉઠયા હતા. નગરપ ાલિકાની મહિલા પ્રમુખે આવીજ રીતે ચાલશેનો મનમાની જવાબ આપ્યો હતો.

બગસરા નગરપાલિકાની મનમાનીના વિવાદમા ફરી એક વધારો થયો છે. વિપક્ષ દ્વારા ચીફ ઓફિસરને પણ ઉગ્ર રજુઆત કરાઈ છે. નગરપાલિકાની બોર્ડ મિંટિગ ૩ મહિનાની જગ્યાએ ૬ મહિને જનરલ બોર્ડ મળી હતી. તો પણ બોર્ડમાં વિવાદ સર્જાતા મિંટિગ સ્થગિત કરવામાં આવી હતી. અમરેલીમાં આવેલ બગસરા નગરપાલિકા અવારનવાર ચર્ચામાં જોવા મળતી હોય છે. આની પહેલાં પણ બગસરા નગરપાલિકાએ પ હેલા મકાન બનાવવા મંજુરી આપી અને બાદમાં મનાઈ હુકમ ઠપકાર્યો હતો. નગરપાલિકા તેના નિર્ણયોને કારણે વિવાદમાં રહેતી હોય છે.

### સીસીટીવી કેમેરા દ્વારા કાર્યવાહી

# ટ્રાફિક પોલીસે કૃત્રિમ ટેક્નોલોજીથી સજ્જ ડેશ કેમેરાની મદદથી મેમો આપવાનું શરૂ કર્યું

। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।



ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા ડ્રાઈવરો સામે પગલાં લેવા માટે, પોલીસ અગાઉ ચાર રસ્તા પર સીસીટીવી કેમેરા અને વાહનોની તપાસ કરતી હતી અને મેમો જારી કરતી હતી, પરંતુ હવે અમદાવાદ ટ્રાફિક પ ોલીસે કૃત્રિમ ટેક્નોલોજીથી સજ્જ ડેશ કેમેરાની મદદથી મેમો આપવાનું શરૂ કર્યું છે. આ કેમેરા હેલ્મેટ વગરના ડ્રાઈવરો, ટ્રિપલ રાઈડર્સ અને રોંગ સાઈડમાં ડ્રાઈવિંગ કરનારાઓને ટ્રેક કરશે અને ફોટા આપોઆપ ક્લિક કરશે. જેના આધારે મેમો તૈયાર કરીને મોકલવામાં આવશે. અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પોલીસ માત્ર ઈ-મેમો જ નહીં પરંતુ વાહનોનું ચેકિંગ કરતી વખતે મેમો પણ જારી કરે છે અને સીસીટીવી કેમેરા દ્વારા કાર્યવાહી કરે છે. ત્યારે શહેરમાં પ્રથમ વખત અમદાવાદ ટ્રાફિક પોલીસે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેશ કેમેરાની મદદથી ઈ-મેમો આપવાનું શરૂ કર્યું છે.

પોલીસ કમિશનર જી.એસ. મલિકે ડેશ કેમેરાથી સજ્જ ઈન્ટરસિટી વાહનને લીલી ઝંડી આપી હતી. આ છૈં આધારિત કેમેરો જ્યારે કાર રસ્તા પર આગળ વધી રહી હોય ત્યારે રેકોર્ડિંગ મોડમાં રહેશે અને તે ટ્રિપલ રાઈડિંગ, હેલ્મેટ વગરના ટુ-વ્હીલર સવારો અને રોંગ સાઈડમાં વાહન ચલાવતા વાહનોને ટ્રેક કરીને ફોટા ક્લિક કરશે. ડેશ કેમેરાથી ક્લિક કરાયેલા ચિત્રો અને રેકોર્ડિંગ્સ ક્લાઉડ સર્વર પર જશે અને ત્યાંથી ફ્રૈંઝ સર્વર પર જશે. બાદમાં ટ્રાફિક સીસીટીવી કંટ્રોલ રૂમમાં વેરિફિકેશન કર્યા બાદ વન નેશન વન ચલણ હેઠળ ડ્રાઈવરને ઈ-મેમો મોકલવામાં આવશે. આ માટે એસએમએસ દ્વારા પણ માહિતી મોકલવામાં આવશે. પોલીસે તેને પ્રાયોગિક ધોરણે એસજી હાઈવે-૧ અને એસજી હાઈવે-૨ ટ્રાફિક પોલીસમાં લગાવ્યો હતો. જેમાં ઘણી સફળતા મળી હતી. આગામી સમયમાં આ કેમેરામાં સેન્સર ઉમેરવામાં આવશે જેથી નો પાર્કિંગ અને ઓવર સ્પીડિંગ જેવા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન પર નજર રાખી શકાય. આ માટે એસએમએસ દ્વારા પણ માહિતી મોકલવામાં આવશે. પોલીસે તેને પ્રાયોગિક ધોરણે એસજી હાઈવે-૧ અને એસજી હાઈવે-૨ ટ્રાફિક પોલીસમાં લગાવ્યો હતો. જેમાં ઘણી સફળતા મળી હતી. આગામી સમયમાં આ કેમેરામાં સેન્સર ઉમેરવામાં આવશે જેથી નો પાર્કિંગ અને ઓવર સ્પીડિંગ જેવા ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન પર નજર રાખી શકાય.

### માત્ર ૫ રૂપિયામાં ભોજન મળશે, આગામી દિવસમાં વધુમાં વધુ શ્રમિકો લાભ લઈ શકે તે માટે નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરવામાં આવશે

# રાજ્યમાં ૧૦૦ નવા ભોજન વિતરણ કેન્દ્રો શરૂ કરાશે

। ગાંધીનગર, તા.૧૧ ।

કોઈપણ રાજ્યની સરકાર શ્રમયોગી કે મજૂર પરિવારોને એકદમ નજીવા દરે પૌષ્ટિક ભોજન તૈયાર કરીને આપે એનાથી રૂડું બીજું શું હોઈ શકે? રાજ્યના શ્રમિક પરિવારોની ક્ષુધા સંતોષવા માટે ગુજરાત સરકારે 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' શરુ કરીને એક નવી કેડી કંડારી છે. રાજ્યના મકાન અને અન્ય બાંધકામ શ્રમિકોને પૌષ્ટિક, સાત્વિક અને સ્વાદિષ્ટ ભોજન મળી રહે, ઉપરાંત તેમનું આર્થિક ભારણ પણ ઘટે તે માટે આ યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા માત્ર રૂ. ૫/-ના રાહત દરે તેમને ભરપેટ ભોજન આપવામાં આવે છે. રાજ્યમાં અત્યારે ૧૯ જિલ્લાના કુલ ૨૯૦ કડિયાનાકાઓ ખાતે આ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે.

શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતના દરેક શ્રમયોગીને રાહત દરે પૌષ્ટિક ભોજન પૂરું પાડવું એ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારનો મુખ્ય ધ્યેય છે. માત્ર એપ્રિલ-૨૦૨૪ થી અત્યાર સુધીમાં જ હજારો શ્રમિક પરિવારોને રૂ. ૫/-માં કુલ ૭૫.૭૦ લાખથી વધુ ભોજનનું વિતરણ કરવામાં આવ્યું છે. રાજ્યના વધુમાં વધુ બાંધકામ શ્રમિકો સુધી શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ પહોંચાડવા માટે આગામી સમયમાં નવા ૧૦૦ કડીયાનાકા ખાતે ભોજન વિતરણ કેન્દ્રો





શરૂ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે. શ્રમિક પરિવારોને માત્ર રૂ. ૫/-ના નજીવા દરે ભોજન પૂરું પાડવા માટે પ્રતિ ભોજન રાજ્ય સરકાર તરફથી રૂ. ૩૭/- સબસીડી ચૂકવવામાં આવે છે.

ગ્રામ્ય વિસ્તારોમાંથી રોજગારીની શોધમાં અનેક શ્રમજીવી પરિવારો શહેરોમાં આવીને વસવાટ કરે છે. બાંધકામ સ્થળો ખાતે રોજગારી મેળવવા તેઓ રોજ સવારે કડીયાનાકા પર એકત્રિત થાય છે, જેથી તેમણે વહેલી સવારે રસોઈ કરવી પડે છે. કેટલાક તો સવારે માત્ર નાસ્તો કરીને જ આખો દિવસ કામ કરતા હોય છે, પરિણામે આ પરિવારો પોષણયુક્ત આહારથી વંચિત રહે છે. સવારે કડીયાનાકા પરથી જ શ્રમયોગીઓને રાહત દરે પૌષ્ટિક અને સાત્વિક આહાર આપ વામાં આવે તો તેઓ તંદુરસ્ત રહીને વધુ કામ કરી શકે છે. આવા શુભ આશય સાથે જ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' શરુ કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારોમાંથી રોજગારીની શોધમાં અનેક શ્રમજીવી પરિવારો શહેરોમાં આવીને વસવાટ કરે છે. બાંધકામ સ્થળો ખાતે રોજગારી મેળવવા તેઓ રોજ સવારે કડીયાનાકા પર એકત્રિત થાય છે, જેથી તેમણે વહેલી સવારે રસોઈ કરવી પડે છે. કેટલાક તો સવારે માત્ર નાસ્તો કરીને જ આખો દિવસ કામ કરતા હોય છે, પરિણામે આ પરિવારો પોષણયુક્ત આહારથી વંચિત રહે છે. સવારે કડીયાનાકા પરથી જ શ્રમયોગીઓને રાહત દરે પૌષ્ટિક અને સાત્વિક આહાર આપ વામાં આવે તો તેઓ તંદુરસ્ત રહીને વધુ કામ કરી શકે છે. આવા શુભ આશય સાથે જ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' શરુ કરવામાં આવી હતી.

શ્રમિક અન્નપૂર્ણા યોજના શરુ થઈ ત્યારથી લઈ વર્ષ ૨૦૨૦ સુધીમાં કુલ ૧.૧૫ કરોડથી વધુ પ્લેટ ભોજન વિતરણ કરવામાં આવ્યું હતું, પરંતુ કોરોના મહામારીના કારણે આ યોજનાને સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યના શ્રમયોગીઓના હિતાર્થે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વર્ષ ૨૦૨૨માં આ યોજના ફરી એકવાર કાર્યરત કરવામાં આવી હતી. શ્રમિક અન્નપૂર્ણા યોજના શરુ થઈ ત્યારથી લઈ વર્ષ ૨૦૨૦ સુધીમાં કુલ ૧.૧૫ કરોડથી વધુ પ્લેટ ભોજન વિતરણ કરવામાં આવ્યું હતું, પરંતુ કોરોના મહામારીના કારણે આ યોજનાને સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યના શ્રમયોગીઓના હિતાર્થે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વર્ષ ૨૦૨૨માં આ યોજના ફરી એકવાર કાર્યરત કરવામાં આવી હતી. હાલમાં રાજ્યના વિવિધ કડીયાનાકાઓ ખાતેથી શ્રમિક પરિવારોને રોજના સરેરાશ ૩૨ હજારથી વધુ ભોજનનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ યોજના શરુ થઈ ત્યારથી આજ સુધીમાં રૂ. ૧૫૦ કરોડથી વધુના ખર્ચે કુલ ૨.૯૩ કરોડથી વધુ ભોજનનું વિતરણ કરાયું છે. રાજ્યમાં હાલ અમદાવાદ જિલ્લામાં ૯૮, ગાંધીનગર જિલ્લામાં ૧૨, વડોદરા જિલ્લામાં ૨૧, સુરત જિલ્લામાં ૪૦, રાજકોટ જિલ્લામાં ૧૪, વલસાડ જિલ્લામાં ૧૦, મહેસાણા જિલ્લામાં ૧૩, નવસારી જિલ્લામાં ૯, પાટણ જિલ્લામાં ૧૫, ભાવનગર જિલ્લામાં ૬, આણંદ જિલ્લામાં ૬, બનાસકાંઠા જિલ્લામાં ૮, ભરૂચ જિલ્લામાં ૭, દાહોદ જિલ્લામાં ૫, જામનગર જિલ્લામાં ૧૧, ખેડા જિલ્લામાં ૪, મોરબી જિલ્લામાં ૬, પંચમહાલ જિલ્લામાં ૧ અને સાબરકાંઠા જિલ્લામાં ૪ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે.

રાજ્યના ૧૯ જિલ્લામાં કુલ ૨૯૦ કડીયાનાકાઓ ખાતે ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત છે. આ ઉપરાંત જે બાંધકામ સ્થળ ખાતે ૫૦થી વધુ શ્રમિકો હોય તેવી બાંધકામ સાઈટ પર જઈને સ્થળ ઉપર પણ ભોજન વિતરણ કરવામાં આવે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત માત્ર રૂ. ૫/-માં શ્રમિક પરિવારને રોટલી, શાક, કઠોળ, ભાત, અથાણું, મરચા અને ગોળ સહિતનું સ્વાદિષ્ટ પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે. વધુમાં, સપ્તાહમાં એક વાર સુખડી કે શીરા જેવા મિષ્ઠાનનો પણ સમાવેશ કરવામાં આવે છે. એક ભોજનમાં શ્રમિકના જરૂરિયાત મુજબ અંદાજે ૬૨૫ ગ્રામ અને ૧,૫૨૫ કેલેરી જેટલું ભોજન પીરસવામાં આવે છે, જેથી તેઓ તંદુરસ્ત રહી શકે. શ્રમિક અન્નપ ૂર્ણાના તમામ કેન્દ્રો ઉપર ઈ-નિર્માણ કાર્ડની મદદથી શ્રમિકો ભોજન મેળવે છે. કાર્ડનો ક્યુઆર (ઊઈ) કોડ સ્કેન કરાવીને ટિફિનમાં કે સ્થળ પર જ એક સમયનું ભોજન શ્રમિકો મેળવી શકે છે. જે લાભાર્થીઓ પાસે ઈ-નિર્માણ કાર્ડ ન હોય તેમના માટે બૂથ પર જ બાંધકામ શ્રમિકોની હંગામી ધોરણે નોંધણી થાય છે અને ૧૫ દિવસ સુધી તેઓ ભોજન મેળવી શકે છે. ગુજરાત અત્યારે દરેક ક્ષેત્રે પૂરવેગ સાથે અગ્રીમ હરોળ તરફ આગળ વધી રહેલું રાજ્ય છે. રાજ્યના શ્રમયોગી પરિવારોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે 'શ્રમેવ જયતે'ના મંત્ર સાથે રાજ્ય સરકારે વિશેષ આયોજન કર્યું છે. શ્રમિકો માટેની મહત્વકાંક્ષી 'શ્રમિક અન્નપૂર્ણા યોજના'થી આજે રાજ્યના અનેક શ્રમિક પરિવારોને ખાસ કરીને મહિલા શ્રમિકોને ઘણી રાહત મળી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં
# 2 વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના

## નીતિ-નિર્ધારણના બે વર્ષ

1) ખરીદ નીતિ-2024
2) ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-2024
3) કુટીર અને ગ્રામોધોગ નીતિ-2024
4) નારી ગૌરવ નીતિ-2024
5) ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી-2023
6) સેમિકંડક્ટર પોલિસી
7) નવી IT/ITes પોલિસી
8) ગ્રીન-હાઇડ્રોજન પોલિસી

## સુશાસનના બે વર્ષ

- ગુજરાતનું અત્યાર સુધીનું ₹3 લાખ 32 હજાર કરોડનું સૌથી મોટું બજેટ.
- કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર રાજ્યમાં ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા રાજ્યની વિકાસ વ્યૂહરચનાઓને આગળ ધપાવશે.
- રાજ્યમાં શહેરીકરણ સુદૃઢ થાય તે માટે નવી 9 મહાનગરપાલિકા અને 1 નગરપાલિકાની રચના થશે
- 2 લાખ 82 હજાર ઘર પર સોલાર પેનલ, ઊર્જા સુરક્ષામાં ગુજરાત દેશમાં અગ્રેસર
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ નિર્માણમાં ગુજરાત દેશમાં અગ્રેસર
- PMJAY-MA હેઠળ મળતી સહાય બમણી, હવે ₹10 લાખ સુધીની સારવાર નિઃશુલ્ક
- ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ ઍક્ટ, 2024 અમલી
- સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ પ્રાથમિક શાળાના 41 લાખ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવા માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો આરંભ
- યુવાનોના ઇનોવેટિવ વિચારોને ગુડ ગવર્નન્સમાં સાંકળવાની દિશામાં "સરદાર પટેલ ગુડ ગવર્નન્સ ફેલોશીપની" શરૂઆત કરી.
- ગુજરાતમાં 'એક પેડ મા કે નામ' અંતર્ગત 17 કરોડ 19 લાખથી વધુ વૃક્ષોનું વાવેતર.
- ભારત સરકારના DPIIT અનુસાર, ગત વર્ષની સરખામણીએ $2.6 બિલિયન વધુ FDI મેળવીને નાણાકીય વર્ષ 2024માં $7.3 બિલિયન FDI પ્રાપ્ત કર્યું
- પીએમ સૂર્યઘર મુક્ત બીજલી યોજના અંતર્ગત માત્ર 7 મહિનામાં 1,59,338 લાભાર્થીઓને લાભ
- વિશ્વના સૌથી મોટા 37 ગીગાવૉટના હાઇબ્રિડ રિન્યૂએબલ પાર્કનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમદાવાદ મેટ્રો ફેઝ -2નું લોકાર્પણ

## ખુશહાલ ખેડૂતના બે વર્ષ

- 'કિસાન સૂર્યોદય યોજના' હેઠળ રાજ્યના 13,730 એટલે કે 76% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ 56 લાખથી વધુ ખેડૂતોને ₹6,300 કરોડથી વધુ રકમની સહાય.
- 20 લાખથી વધુ ખેડૂતોને પાક-ધિરાણ પર ₹2900 કરોડથી વધુની વ્યાજ સહાય
- ₹2800 કરોડથી વધુના મૂલ્યની વિવિધ કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી
- 9.85 લાખ ખેડૂતો સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયા, રાજ્યના 53 લાખથી વધુ ખેડૂતોને તાલીમ

## દીકરીઓ અને મહિલાઓના સર્વાંગી વિકાસના બે વર્ષ

- રાજ્યની દીકરીઓ વધુ ભણે અને આગળ વધે તે માટે શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના દ્વારા લગભગ 10 લાખ વિદ્યાર્થિનીઓને ₹138 કરોડથી વધુની સહાય ચૂકવાઇ.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા પ્રેરાય તે માટે શરૂ કરાયેલી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત 2.5 લાખથી વધુ વિદ્યાર્થીઓને ₹28 કરોડથી વધુની સહાય ચૂકવાઇ
- નમો શ્રી યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ₹12 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની યોજના દ્વારા 1.45 લાખ લાભાર્થીઓને સહાય
- સૌપ્રથમવાર જેન્ડર બજેટ ₹1 લાખ કરોડને પાર, 200 વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી

## ગરીબ કલ્યાણના બે વર્ષ

- 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ 2 કરોડ 68 લાખ લોકોને ભોજન વિતરણ.
- 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ 72 લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને અનાજ વિતરણ
- શ્રમિક બસેરા યોજનાની શરૂઆત, આગામી ત્રણ વર્ષમાં ₹1500 કરોડના ખર્ચે 3 લાખ બાંધકામ શ્રમિકો માટે શ્રમિક બસેરાના નિર્માણનું આયોજન.
- 'વનબંધુ કલ્યાણ યોજના 2.0' અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ₹2500 કરોડથી વધુનો ખર્ચ
- ભગવાન બીરસા મુંડાની 150મી જન્મ જયંતિની 'જનજાતિય ગૌરવ વર્ષ' તરીકે ભવ્ય ઉજવણી

## યુવા વિકાસના બે વર્ષ

- દેશમાં 'એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ સ્ટેટિસ્ટિક્સ–2023' અનુસાર યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ
- ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત ચાર વખત દેશમાં ગુજરાત મોખરે
- રાજ્યના 21 જિલ્લાઓના 50 તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય
- 2023- દેશમાં સૌપ્રથમ સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્ક્લેવનું આયોજન.

## ગૌરવવંતી સિદ્ધિઓના બે વર્ષ

- વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના 10મા સંસ્કરણનું સફળતાપૂર્વક આયોજન. ₹45 લાખ કરોડથી વધુના 98,000 થી વધુ MoU થયા.
- ગુજરાતમાં 17 G-20 મિટિંગનું સફળતાપૂર્વક આયોજન
- UN એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશન (UNWTO) દ્વારા ધોરડોનો વિશ્વના શ્રેષ્ઠ ટુરિઝમ વિલેજની યાદીમાં સમાવેશ
- યુનેસ્કોએ ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો' જાહેર કર્યો
- કચ્છના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના 3 સૌથી સુંદર મ્યુઝિયમની યાદીમાં સ્થાન
- 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાત 'ટોપ અચીવર' સ્ટેટ.
- સ્વામિત્વ યોજના અંતર્ગત 11 લાખ 50 હજારથી વધુ પ્રોપર્ટી-કાર્ડનું વિતરણ, આ યોજનાના બીજા તબક્કામાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર

## વિકસિત ભારત માટે 'વિકસિત ગુજરાત @ 2047' રોડમેપ દ્વારા વિકાસનું નક્કર આયોજન




2 વર્ષ
સેવા, સંકલ્પ અને સમર્પણના



## તંત્રી લેખ...

# US સિવિલ રાઈટ્સ હેડ તરીકે હરમીતની નિમણૂક

અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ હાલમાં મહત્વના હોદ્દાઓ પર તેમના વિશ્વાસુ વ્યક્તિઓનું નિમણૂક કરી રહ્યા છે. ટ્રમ્પે હવે યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટના સિવિલ રાઈટ્સ ડિવિઝનના વડા તરીકે ભારતીય મૂળના હરમીત કૌર ધિલ્લોનની પસંદગી કરી છે. હરમીત કૌર ધિલ્લોન કેલિફોર્નિયાના લૉયર છે અને તે રિપબ્લિક પાર્ટીના વિશ્વાસુ છે. જોકે, કેટલાક ભારતીય ટીકા-કારોનું કહેવું છે કે હરમીત ખાલિસ્તાનીઓ પ્રત્યે કૂણું વલણ અપનાવે છે. જસ્ટિસ ડિપાર્ટમેન્ટમાં હરમીત એજી પામ બોન્ડીને રિપોર્ટિંગ કરનારા ફોર્થ-રેન્કિંગ અધિકારી હશે. ઓબામા પ્રેસિડેન્સી દરમિયાન સિવિલ રાઈટ્સ ડિપાર્ટમેન્ટની આગેવાની કરનારા વનિતા ગુપ્તા બાદ આ પદ સંભાળનારા તે બીજા ઈન્ડિયન-અમેરિકન પણ છે. હરમીત ફ્રીડમ ઓફ સ્પીચ માટે લડતી આવી છે. ફ્રી સ્પીચ સેન્સરશિપ માટે પોતાનો અવાજ ઉઠાવતી વખતે તેણે ટેક કંપનીઓ સામે લાંબી લડાઈ લડી છે. હરમીતને પોતાની આસિસ્ટન્ટ એટર્ની જનરલ તરીકે નોમિનેટ કરતાં ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે, તેઓ હરમીત કૌર ધિલ્લોનને યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસમાં સિવિલ રાઈટ્સ માટે આસિસ્ટન્ટ એટર્ની જનરલ તરીકે નોમિનેટ કરીને ખુશ છે. સમગ્ર કારકિર્દી દરમિયાન હરમીતે નાગરિક સ્વતંત્રતાના બચાવમાં સતત અવાજ ઉઠાવ્યો છે. ચૂંટણીની પારદર્શિતા હોય કે બંધારણ અને નાગરિક અધિકારોનું રક્ષણ હોય, તે હંમેશા અગ્રેસર રહી છે. તે શીખ સમુદાયી રિસ્પેક્ટેડ મેમ્બર છે અને આશા છે કે તે અમેરિકાના નાગરિકોના બંધારણીય અધિકારોનું રક્ષણ કરશે. હરમીત કૌર ધિલ્લોનનો જન્મ ચંદીગઢમાં થયો હતો પરંતુ જ્યારે તે બે વર્ષની હતી ત્યારે તેના ડોક્ટર પિતા અમેરિકા આવી ગયા હતા. શરૂઆતના વર્ષો ન્યૂયોર્કના બ્રોક્સમાં વિતાવ્યા બાદ હરમીતનો પરિવાર નોર્થ કેરોલાઈના શિફ્ટ થઈ ગયો હતો અને ત્યાં તેઓ રેજિસ્ટર્ડ રિપબ્લિકન્સ બન્યા હતા. હરમીતે ડાર્ટમાઉથ કોલેજમાંથી ક્લાસિકલ લિટરેચરમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ તેમણે લૉની ડિગ્રી મેળવવા માટે વર્જિનિયા યુનિવર્સિટીમાં એડમિશન લીધું હતું. કારકિર્દીની શરૂઆતમાં હરમીતે ફોર્થ સર્કિટ માટે યુએસ કોર્ટ ઓફ અપીલ્સના જસ્ટિસ પૌલ વી. નિમેયર માટે અને જસ્ટિસ ડિપાર્ટમેન્ટના સિવિલ ડિવિઝનમાં ક્લર્કનું કામ કર્યું હતું. જોકે, ભારતમાં હરમીતના નોમિનેશનથી સવાલો ઉઠ્યા છે અને લોકોએ તેમના જૂના ટ્વિટ્સ શેર કરવાનું શરૂ કર્યું, જેમાં તે ખાલિસ્તાનનું સમર્થન કરતી જોવા મળી રહી છે. એક્સપર્ટ બ્રહ્મા ચેલ્લાનીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, હરમીત ધિલ્લોનની નિમણૂકની જાહેરાતથી ભારત ખુશ ન હોઈ શકે. કારણ કે ભારત પર આક્ષેપો કરીને તેણે ખાલિસ્તાન ઉગ્રવાદ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી છે. તેમણે હરમીત ધિલ્લોન દ્વારા કરવામાં આવેલી એક જૂની ટ્વિટ પણ શેર કરી હતી જેમાં તેમણે ખાલિસ્તાનનું સમર્થન કર્યું હતું.



**વિશેષ**
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

## પર્વ વિશેષ
## શ્રી દત્ત(દત્તાત્રેય)જયંતિ

શ્રીગુરુ દત્તાત્રેયના ઊપાસકો તથા ભાવિક ભકતો, શ્રીદત્ત જયંતીના પર્વને બહુ ધૂમધામથી ઉજવે છે. ભગવાન દત્તાત્રેયના પિતાશ્રીનું નામ અત્રિ હતુ અને તેઓ મહાન તપસ્વી ઋષિ હતા તો એમની માતુશ્રીનું નામ અનસૂયા હતુ અને તેઓ મહાસતિ તરીકે ઓળખાતા હતાં. ગુરૂદેવ દત્તે ત્રણ મુખ ધારણ કરેલા છે,જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશનો અંશ ગણાય છે. દત્તાત્રેય ભગવાનનો ફોટો આપણે જોઈશું તો જણાશે કે, ત્રિમુખી દત્તાત્રેય ઊભા છે, તેમની પાછળ ગૌ માતા ઊભેલા જણાય છે. તેમના ચરણની આજુબાજુ ચાર શ્વાન બિરાજમાન છે. તેઓએ ગળામાં માળા ધારણ કરેલી છે, નીચેના હાથમાં કમંડલ છે, ઉપરના હાથમાં શંખ ચક્ર ધારણ કરેલ છે. વચલા હાથમાં ડમરૂ તથા ત્રિશૂળ ધારણ કરેલ છે. દત્તાત્રેય ભગવાનનું મુખારવિંદ સદાય તેજસ્વી, જાજરમાન અને મલકતું દીસે છે. એવુ કહેવાય છે કે, ભગવાન ગુરૂદેવ દત્તાત્રયે બગલો, ભમરો, કૂતરો, હોલો, વારાંગના જેવા મનુષ્ય, પશુ અને પક્ષીઓ મળીને કુલ ૨૪ ગુરૂઓ કર્યા હતાં અને દરેક પાસેથી કાંઈક ને કાંઈક જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ખાસ કરીને મહારાષ્ટ્રિયન સમુદાય બહોળા પ્રમાણમાં ભગવાન દત્તાત્રેયને માને છે, તેમ છતાં, અન્ય લોકો પણ ભગવાન દત્તાત્રેયની ઉપાસના કરે છે. અક્કલકોટ, કુરવપુર, માહૂરગઢ, માણિકપુર, ગાણગાપુર, ગરૂડેશ્વર વિગેરે દત્તાત્રેયના ધામો છે. ગુજરાતમાં ગિરનાર પર્વત ઊપર દત્તાત્રેયના પાવન પગલાં છે અને ભગવાન દત્તાત્રેય હાજરા હજૂર છે એવી ભકતોમાં પ્રબળ માન્યતા છે. કુરવપુરના શ્રી શ્રીપાદ વલ્લભ તથા નારેશ્વરના શ્રીરંગ અવધૂત મહારાજ વિગેરે ભગવાન દત્તના પરમ અને બહુ નજદીકના અનુયાયીઓ હતાં, અને આ તમામે તમામ ગુણીજનોને ભગવાન દત્તાત્રેયનો સાક્ષાત્કાર તથા ચમત્કાર થયો હતો. શ્રી રંગ અવધૂત મહારાજે તથા શ્રી વાસુદેવાનંદ સરસ્વતીએ દત્તાત્રેયનો મહિમા અનન્ય રીતે ગાયો છે. શ્રી રંગ અવધૂત મહારાજે સરળ ભાષામાં બધાંય ને સમજાય એ રીતે બાવન લીટીની દત્તબાવની લખેલી છે. જે કોઈ ભાવિક ભક્તજન બાવન ગુરૂવાર તથા દત્તબાવનીના પાઠ કરશે તો ભગવાન દત્તાત્રેય તેના તમામ મનોરથ પૂરા કરશે. આ ઉપરાંત રંગ અવધૂત મહારાજે શ્રી દત્ત ચાલીસા અને ગુરૂ લીલામૃતની પણ રચના કરી હતી, અને આજે ભક્તજનો હોંશે હોંશે તેના પાઠ કરીને ધન્ય બને છે. શ્રી રંગ અવધૂત મહારાજે પોતાનો અનુભવ વર્ણવતાં લખ્યું છે કે જે કોઈ વ્યક્તિ દર ગુરૂવારે દત્તબાવનીના બાવન પાઠ કરશે અને ગુરૂવાર કરશે તો શ્રી દત્તાત્રેય ભગવાન તે ભક્તજનનાં સઘળાં કષ્ટો અને તકલીફો દૂર કરશે. જો કે ગુજરાતમાં દત્ત મંદિરોની સંખ્યા અલ્પ પ્રમાણમાં છે. દત્ત જયંતીના દિવસે ભક્તજનો પગપાળા પ્રવાસ રાખે છે, શ્રી દત્ત ભગવાનની મૂર્તિને પાલખીમાં બેસાડીને શોભાયાત્રા કાઢવામાં આવે છે. દત્તબાવનીના અખંડ પાઠ,જાપ તથા અખંડ ધૂનો રાખવામાં આવે છે. અમુક સ્થળોએ દત્તાત્રેય ભગવાનની પાદૂકા પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે .દત્ત ભગવાનની સેવા પૂજાનો લ્હાવો લેવા જેવો છે. ગુજરાતના નારેશ્વર ધામ ખાતે દત્ત જયંતિની ઉજવણી અનન્ય રીતે કરવામાં આવે છે. જય શ્રી ગુરૂદેવ દત્ત.

**કોઇ પોતાની જીવનશૈલી પર ધ્યાન કેન્દ્રિત કરતું જ નથી! અને એણે આમ કર્યું, કે કહ્યું, તો અમે શું કામ ચૂપ રહીએ!**

# વૈષ્ણવ જન તો તેને રે કહીએ.. થકી વૈશ્વિક નરની વ્યાખ્યા આપનાર નરસિંહને કોટી કોટી વંદન



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**નરસિંહ એ જ્યારે આ પદ રચ્યું ત્યારે સમાજમાં અસ્પૃશ્યતા હદ બહારની હતી, અને એને કારણે સમાજમાં નીચલો વર્ગ અને વર્ણ બંનેની બહુ સતામણી થતી! કણકણમાં જેને હરિ દર્શન થતાં હોય એ નરસિંહને આ વર્ણમાં કેમ હરિ દર્શન ન થાય? અને એ સમયમાં એ લોકોનો સ્વીકાર કરનાર પ્રથમ નાગર એટલે નરસિંહ હતાં!**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં હારમાળા જયંતિ ગઈ, અને થયું કે આટલાં ઉચ્ચ કક્ષાનાં મહા પુરુષની વંદના માત્ર એક લેખથી કંઈ રીતે થાય! અને બીજા ઘણાનાં પ્રતિભાવ પણ આવ્યાં કે બેન ભક્ત નરસિંહ વિશે તો સૌ કોઈ જાણે છે, પણ એની રચનાઓ થકી એનો શબ્દાભિષેક કરી એને હજી આત્મસાત કરાવી શકો તો વધું સારું! એટલે થયું કે નરસિંહ જયંતિ સુધી પ્રાર્થનાનાં ક્રમમાં જ એને સમાવીએ તો! નરસિંહ વિશે આપણે તો શું લખીએ! લખાવશે તો નરસિંહની જ ચેતના. આજે વૈશ્વિક સ્તરે માનવતાનું મુલ્ય ઘટતું જાય છે, એટલે પ્રથમ આદિ કવિ નરસિંહ મહેતા એ વૈશ્વિક નર કેવો હોવો જોઈએ એનાં લક્ષણો દર્શાવી અને ભારતીય માનવ સંસ્કૃતિની મહત્તાને વિશ્વ ઉજાગર કરી એને વિશે વાત કરીશું! જોકે એ બધું તો હવે માત્ર ગાવા માટે જ હોય એવું થઈ રહ્યું છે. ખેર સમયના આ પહેલુંને પણ જોવાનો હશે, એટલે કે સમાજનાં પતનના સાક્ષી બનવાનું લલાટે લખાવીને આવ્યાં હોઈએ એમ, સૌ ચૂપચાપ જે થાય તે થાવા દ્યો નાં મૂક પ્રેક્ષક બની તમાશો જોઈ રહ્યા છીએ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ જેને રામરાજ્યની નીવ તરીકે સ્વીકારીને પ્રાર્થનામાં સ્થાન આપ્યું હતું એવી આપણા ઉચ્ચ કોટિના આદિ કવિ નરસિંહ મહેતાની વૈષ્ણવ જન તો તેને રે કહીએ..

**આદિ કવિ નરસિંહ મહેતા**
**વૈષ્ણવજન તો તેને રે કહીયે, જે**
**પીડ પરાઈ જાણે રે.**
**પરદુઃખે ઉપકાર કરે તોયે,**
**મન અભિમાન ન આણે રે.**
**સકળ લોકમાં સહુને વંદે, નિંદા**
**ન કરે કેની રે.**
**વાચ કાછ મન નિશ્ચલ રાખે,**
**ધન ધન જનની તેની રે.**
**સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી**
**જેને માત રે.**
**જિહ્વા થકી અસત્ય ન બોલે,**
**પરધન નવ ઝાલે હાથ રે..**
**મોહ માયા વ્યાપે નહિ જેને,**
**દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે.**
**રામ નામ શું તાળી રે વાગી,**
**સકળ તિરથ તેના તનમાં રે.**
**વણલોભી ને કપટ રહિત છે,**
**કામ ક્રોધ નિવાર્યા રે.**
**ભણે નરસૈયો તેનું દર્શન**
**કરતા, કુળ ઈકોતેર તાર્યા રે.**

આપણે સૌ જાણીએ છીએ કે નરસિંહનું જીવન કેટલું તકલીફોથી ભરેલું હતું, અને છતાં એણે એની માટે સમાજમાં કોઈને દોષી ગણાવ્યા નથી! કારણકે એ સાચાં અર્થમાં વૈષ્ણવ હતા! જ્યારે આજે વૈષ્ણવ એ માત્ર એક સરનેમ બની ગઈ છે, અને વધીને વૈશ્નવ એક સંપ્રદાય! ત્યારે આપણે ખરેખર વૈષ્ણવ કે વૈશ્નવ એટલે કે વસુધૈવ કુટુંબકમની ભાવના વાળો વૈશ્વિક નર કેવો હોવો જોઈએ એ જોઈએ. પહેલી પંક્તિમાં સીધાસાદા શબ્દોમાં કવિ કહે છે કે વૈશ્વિક નર તો એ છે જે, બીજાની પીડા વગર કીધે જાણી જાય, અને એનાં દુઃખ દૂર કરે, એટલે ઉપકાર કરે છતાંય એનું અભિમાન મનમાં પણ આવવા ન દે. બીજી પંક્તિમાં કવિ કહે છે કે એની માટે આખું જગત વંદનીય છે, કોઈ નીંદનીય નથી. મન નિશ્ચલ રહી શકે એવી વાણી વ્યવહારમાં વાપરીને કર્મ કરે, પણ આ બધું લખવા જેટલું સહેલું નથી, એટલે કે વંદન તો ઔપચારિક રીતે હજી પણ થાય, પરંતુ નીંદા છૂટતી નથી. વાણીથી પણ નિશ્ચલ રહી શકાતું નથી, અને કર્મ અભિમાન વધાર્યા વગર રહેતું નથી! પણ જો કોઈ આવું જીવી શકે તો એ માત્ર એની જનની એટલે કે માતાનું કારણ છે,



માટે એ માતા ધન્ય છે. ત્રીજી પંક્તિમાં કવિ જે વાત કહે છે કે, નાત જાત ભૂલી સૌને સમાન નજરે જોવા, ઈચ્છાઓ ઓછી રાખવી, બીજી સ્ત્રીમા માતાના દર્શન કરવા, અને બીજાનું ધન હડપવુ નહીં! પણ એ ગુણ આજના સમાજમાં દુર્લભ છે. એટલે સમદ્રષ્ટિ જ શક્ય નથી, કારણકે કોઈ બીજાને મહત્વ દેતું જ નથી, પોતાના જ ગાણાં ગાય છે, અને તૃષ્ણા તો અવસ્થામાં જકડાય તોય છૂટતી નથી! મારે આ જુવે છે! આમ કરવું છે! ત્યાં જવું છે! અને બીજું કેટલુંય. સ્ત્રી સાથે સમાજમાં રોજ રોજ ઘટતી અશ્લીલ ઘટના બતાવે છે કે, પરસ્ત્રી જેને માત એ ભાવ પણ હવે મિટતો જાય છે. વાતવાતમાં ખોટું બોલવું, ખોટું વિચારવું, અને ખોટું કરવું એ જ પ્રાથમિકતા બની ગઈ છે, અને બીજાનું ધન કેમ પડાવી લેવું! ચોરી લૂંટફાટ એ બધું તો ઠીક પણ સાવ સહેલું સાઈબર ક્રાઈમ! કવિએ થોડી વધુ અપેક્ષા રાખી લીધી એવું લાગે છે. ચોથી પંક્તિમાં કવિ કહે છે કે ભલેને સંસારી હોય, પણ મોહ માયાને અંદર સુધી પ્રવેશવા ન દેવી એવો દ્રઢ વૈરાગ્ય જેણે ધારણ કર્યો છે, રામનામનું સંકિર્તન કરનાર હોય, એટલે પ્રભુ ભક્તિમાં લીન રહેતો હોય, અને એને પોતે પણ એ જ ઈશ્વર તત્વને ધારણ કરનાર છે, માટે સકલ તીર્થ આ તનમાં જ છે એવું જ્ઞાન હોય!' મોહ માયાના જાદુથી આજે કોણ મુક્ત છે! હા તનની પૂજા જરૂર થાય છે પણ એ વધુ ને વધુ ભોગ માટે. પાંચમી પંક્તિમાં કવિ કહે છે કે જે લોભી નથી, અને જેનું મન કપટી પણ નથી,કામ ક્રોધ ને જેણે જીતી લીધા છે, એવાં ભગવાન શ્રી કૃષ્ણનું દર્શન કરતાં કરતાં આ નરસૈંયો ભવસાગર પાર કરી ગયો અને કુળ એકોતેર તારી દીધાં! નરસિંહ એ જ્યારે આ પદ રચ્યું ત્યારે સમાજમાં અસ્પૃશ્યતા હદ બહારની હતી, અને એને કારણે સમાજમાં નીચલો વર્ગ અને વર્ણ બંનેની બહુ સતામણી થતી! કણકણમાં જેને હરિ દર્શન થતાં હોય એ નરસિંહને આ વર્ણમાં કેમ હરિ દર્શન ન થાય? અને એ સમયમાં એ લોકોનો સ્વીકાર કરનાર પ્રથમ નાગર એટલે નરસિંહ હતાં! પણ આજે એ પરિસ્થિતિ નથી, એમાં ઘણો સુધારો છે! પણ સૌ વૈષ્ણવ જન તો તેને રે કહીએ.. એનો સાર ભૂલી ગયા હોઈએ એમ ઈર્ષા, નીંદા, વાણીનો દૂરઉપયોગ કરે છે. કોઈ પોતાની જીવનશૈલી પર ધ્યાન કેન્દ્રિત કરતું જ નથી! અને એણે આમ કર્યું, કે કહ્યું, તો અમે શું કામ ચૂપ રહીએ ! બસ આટલી જ સમજ આજના શિક્ષિત સમાજની છે. પણ પૃથ્વી પરના વધતાં જતાં અત્યાચાર જોઈને એવું લાગે છે કે, કુળ એકોતેર તારવા વાળાનાં આ પદને લોકો સાવ જ ભૂલી ગયાં, અને આવનારી પેઢી આપણને એ માટે ક્યારેય માફ નહીં કરે. તો આવી ઉચ્ચ વૈશ્વિક નરની વ્યાખ્યા કરનારા આ દેશના આપણે નાગરિક છીએ, અને એટલે નરસિંહ કહે છે એવાં સાચાં વૈષ્ણવ બની માત્ર ભારતમાં નહીં પૂરા વિશ્વમાં શાંતિ બની રહે, એ માટે આપણાથી જે થાય એવું આપણે કરીશું, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**નંદબાબાના ઘરના આંગણામાં તમને વૃક્ષનો અવતાર મળશે, ત્યાં તમને શ્રીકૃષ્ણનાંચરણ નો સ્પર્શ થશે એટલે મુક્તિ મળશે**

# અનિત્ય શરીરના સાધન દ્વારા નિત્ય એવા પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે, છતાં જે ન કરે તેના જેવો કમનસીબ કોણ?



**વિશેષ**
યશપાલસિંહ ડી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વૃક્ષ એ જડ નથી, તે પાપ યોનિ છે, છ ઋતુ ના તેને માર સહન કરવા પડે છે, માટે એવી રીતે ભોગ ન ભોગવો કે વૃક્ષ થવું પડે! આ બંને યક્ષો મદથી આંધળા એવો નારદજીએ તેમને શાપ આપ્યો, અજિતેન્દ્રિય બન્યા હતા, તેથી હે યક્ષો, તમે વૃક્ષ થઇને પડો! શ્રાપ સાંભળી નળકુબેર અને મણિગ્રીવને પશ્ચાત્તાપ થયો, દુઃખ થયું, તેઓ નારદજીને શરણે નારદજીએ કૃપા કરી તેને ગોકુળમાં વક્ષનો અવતાર આપ્યો છે.**


ગઈકાલે આપણે ભગવદ્ ગીતા જયંતિની ઉત્સાહ ઉમંગભેર ઉજવણી કરી તો આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો, લક્ષ્મીના મદમાં આ નાશવંત શરીરને લોકો અજર અમર માનવા લાગે છે અને બીજા પ્રાણી ઓનો દ્રોહ કરે છે.છેવટે તો શરીર રાખનો ઢગલો થવાનું છેએમાણસ ભૂલી જાય છે.એક શરીર પર કેટલા માણસો હક્ક કરે? દીકરો કહે છે, મારા શરીરનો માલિક હું, માતા કહે,તું નહીં હું,પિતા કહે, હું, એની પત્ની કહે,એ મારો પતિ થયો,એટલે એની માલિક હું! એને માટે હું પિતૃગૃહ છોડીને આવી છું. ત્યારે અગ્નિ કહે છે કે,બાપુ, જો આ શરીર ઉપર તમારો કોઈનો હક્ક હોય તો પ્રાણ ગયા પછી તમે તો એ મને સોંપી દો છો. માટે એ શરીર ઉપર કેવળ મારો જ હક્ક છે. તો વળી શિયાળ, કૂતરાં પણ એના ઉપર હક્ક કરે છે! ગીધડાં યે હક્ક કરે છે.ખરેખર આ શરીર ઉપર કોનો હક્ક છેતે સમજ પડતી નથી પણ પ્રભુ છેલ્લો નિર્ણય એટલે આપ્યો છે કે, આ શરીર કોઇનું નથી.મેં તે જીવને આપ્યું છે, તેથી મારું છે. એ મારી કૃતિ છે. ટૂંકમાં, આ મનુષ્ય શરીર પ્રભુ એ અત્યંત કૃપા કરી આપણને આપેલું છે. મનુષ્યો એને પ્રાપ્ત કરીને પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખતા નથી અને પ્રભુ ચરણનું શરણ લેતા નથી તે મનુષ્ય અતિ શોચનીય છે. તેઓ પોતે પોતાની જાતને દગો દઈ રહ્યા છે. અનિત્ય શરીરના સાધન દ્વારા નિત્ય એવા પ્રભુની પ્રાપ્તિ થઈ શકે છે, છતાં જે ન કરે તેના જેવો કમનસીબ કોણ? રૂપિયા સોની નોટ ફાટી ગયેલી હોય,પણ જો નોટનો નંબર દેખાતો હોય, તો નોટને ચલણની કોઈ ફેંકી દેતું નથી, તેમ આ શરીર નંબરવાળી નોટછે.એટલે એનુંપૂરું મૂલ્ય ઉપજાવી શકાય એમ છે તો શા માટે ન ઉપજાવવું? મનુષ્ય કહે છે કે, હું વ્યવહારુ છું. તો વ્યવહારુમાણસ કદી આવી ચલણી નોટને ઉકરડે નાખે ખરો? બુદ્ધિશાળી માણસ કદી એવું કરે ખરો? આ શરીર પરમાત્માનાં કાર્ય માટે છે. પ્રભુએ કૃપા કરીને તે આપ્યું છે.મદમાં અંધ થયેલા લોકોને કાંઈ ભાન નથી. શરીરનો ઉપયોગ કેવળ ભોગવિલાસમાં કરે તેને બીજા જન્મમાં વૃક્ષ થવું પડે છે. એ ભોગ યોનિ છે. વૃક્ષ એ જડ નથી,તે પાપ યોનિ છે.છ ઋતુ ના તેને માર સહન કરવા પડે છે. માટે એવી રીતે ભોગ ન ભોગવો કે વૃક્ષ થવું પડે!આ બંને યક્ષો મદથી આંધળા એવો નારદજીએ તેમને શાપ આપ્યો. અજિતેન્દ્રિય બન્યા હતા. તેથી હે યક્ષો, તમે વૃક્ષ થઈને પડો! શ્રાપ સાંભળી નળકુબેર અને મણિગ્રીવને પશ્ચાત્તાપ થયો, દુઃખ થયું. તેઓ નારદજીને શરણે નારદજીએ કૃપા કરી તેનેગોકુળમાં વક્ષનો અવતાર આપ્યો છે. તેમણે કહ્યું, જાઓ, નંદબાબાના ઘરના આંગણામાં તમને વૃક્ષનો અવતાર મળશે. ત્યાં તમને શ્રીકૃષ્ણનાંચરણ નો સ્પર્શ થશે એટલે મુક્તિ મળશે. આ શ્રાપ કહેવાય કે આશીર્વાદ? યોગીઓ પણ વૃંદાવનમાં વૃક્ષ-લતાનો અવતાર માગે છે. ત્યારે આમને સામેથી વગર માગ્યે મળે છે. નારદજીએ શ્રાપ તો આપ્યો,



પણ સંતોનો શ્રાપ કે ક્રોધ હંમેશાં આશીર્વાદરૂપ હોય છે. એટલે તેમને ગોકુળમાં વૃક્ષોનો અવતાર મળ્યો. ઉદ્ધવજી વૃંદાવનમાં ગોપીઓનો શ્રીકૃષ્ણપ્રેમ જોઈ અને ત્યાંનું પ્રભુ મય વાતાવરણ જોઈ મનની એવી ઝંખના પ્રગટ કરે છેકે, અહીં તો ગોપીઓ પણ મુકુંદ પદવીને પામેલી છે. એવી આ ગોપીઓની ચરણરજ અહીંની વૃક્ષલતાને મળે છે. વૃક્ષલતાઓનું એ ભાગ્ય જોઈ મને પણ એવી કોઈ વૃક્ષ લતારૂપે અહીં જન્મ આપો એવી હું પ્રભુને પ્રાર્થના કરું છું. વ્રજની ભૂમિનું કેવું અનુપમ સૌભાગ્ય છે!પ્રભુએ નળકુબેર મણિગ્રીવ રૂપ તે બે વૃક્ષોનો ઉદ્ધાર કર્યો.નળકુબેર અને મણિ ગ્રીવે ભગવાનની સ્તુતિ કરી કે,હે ભગવાન!અમે તમારી પાસે એટલું જ માગીએ છીએ કે,અમારી વાણી ફક્ત આપના ગુણા નુવાદ ગાવામાં રચીપચી રહો,અમારા કાન આપની કથા સાંભળવામાં તલ્લીન રહો,અમારા હાથઆપના સેવા કાર્યમાં અને અમારું મન આપનાં ચરણોનું સ્મરણ કરવામાં લીન રહો,અમારું મસ્તક આપ ના નિવાસરૂપ જગતને પ્રણામ કરવામાં રત્ રહો. અમારી દૃષ્ટિ આપની મૂર્તિરૂપ સંત પુરુષો નું દર્શન કરવામાં તત્પર રહો આંખ,કાન,હાથ,પગ,વાણી એમ એક એક ઈન્દ્રિયને ભક્તિ રસનું દાન કરો તો ઈન્દ્રિયોને શાંતિ મળશે નળ કુબેર-મણિગ્રીવ આ સ્તુતિ કરી ગોલોકધામમાં ગયા છે. ગોલોક ધામમાં નિત્ય શ્રીકૃષ્ણ લીલા થાય છે. આજે તેઓ સ્નિગ્ધ અને મધુકંઠરૂપે ગોલોકમાં રોજ શ્રીકૃષ્ણકીર્તન કરે છે. વૃક્ષ પડવાનો અવાજ ગોપીઓએ સાંભળ્યો. એટલે ગોપીઓ દોડતી ત્યાં આવી છે.આવડાં મોટા વૃક્ષ કેવી રીતે પડ્યાં? એટલામાં તેમણે ત્યાં કનૈયાને જોયો.ભગવાનની દયા કે અમારો કનૈયો બચી ગયો. નંદબાબા દોડતા આવ્યા છે.જોયું કે કનૈયો ખાંડણિયા સાથે બંધાયો છે.તરત એમણે અને જેવો.તું કોનો દીકરો છે? કનૈયો કહે છે, આજ સુધી માનો હતો,પણ આજથી તમારો દીકરો છું. "નંદબાબાને ઈચ્છા હતી કે,એક વખત કનૈયો કહે કે,બાબા,તમારો દીકરોછું.આજે તે ઈચ્છાપૂર્ણ થઈ. નંદબાબાએ યશોદાને ઠપકો આપ્યો, આવું કરાતું હશે? લાલાને કેમ બાંધ્યો? યશોદા જવાબ આપે છે, શું કરું? તેને ચોરી કરવાની આદત પડી છે. ચોરીની આદત છોડાવવા મેં એને બાંધ્યો છે. મને કંઈ એના પર રીસ નથી.લાલો તો મારો પ્રાણ છે. પછી લાડ કરી યશોદા લાલાને બોલાવે છે, બેટા, અહીં આવ! પણ કનૈયો જવાબ આપે છે,હું તો બાબાનો દીકરો છું! યશોદા વિચારે છે,ગોપીઓ રડતી હતી, બાળકો રડતાં હતાં, છતાં મેં નિષ્ઠુર થઈ લાલાને બાંધ્યો. મેં લાલાને બાંધ્યો તે યોગ્ય નથી કર્યું. યશોદા લાલાને મનાવે છે, પણ શ્રી કૃષ્ણ જતા નથી.યશોદાજી કહેછે મારો કનૈયો રિસાયો.લાલો હવે ક્યારે ગોદમાં આવશે. એકદમ એ રડી પડ્યા. રડતાં રડતાં કહે, કદી તને નહીં બાંધું! મારી ભૂલ થઈ લાલા! વૈષ્ણવ રડે છે તે પરમાત્માને સહન થતું નથી.શ્રીકૃષ્ણ પ્રેમ કરે છે તેવો પ્રેમ કોઈ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ માટે જે રડે છે તેને કનૈયો આવીને મળે છે.હસનારને કનૈયો મળતો નથી.યશોદાજી રડવા લાગ્યાં. શ્રીકૃષ્ણથી આ સહન થયું નહીં. કનૈયો દોડતો આવ્યો અને માની ગોદમાં બેઠો.પછી પિતાંબરથી માનાં આંસુ લૂછે છે.માએ પ્યાર કર્યો છે.છોકરો કેવો ડાહ્યો છે! માતાજી લાલાને સમજાવે છે, બેટા, મેં તને બાંધ્યો તે મારી ભૂલ થઈ.બેટા,મેં તને બાંધ્યો તે મનમાં રાખીશ નહીં. તું ભૂલી.જા!કનૈયો માને કહે છે,મા,હું બધું ભૂલીશ પણ તેં મને બાંધ્યો તે નહીં ભૂલું! મા,હું મોટો થઈશ,તો પણ એ નહીં ભૂલું!મા એ ભૂલવા જેવી ચીજ નથી!માહું તને છોડીને જસ છોડી નહીં જઈ શકું,એટલે આ તારું પ્રેમબંધન કનૈયો કદી ભૂલશે નહીં.મા,હું કોઈનો નહીં,પણ તારો બંધાયેલો છું. ગોકુળની આ મુખ્ય લીલા છે.જ્ઞાની અને તપસ્વી ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે,પણ પીપાષાને બાંધવાની શક્તિ જ્ઞાની માં નથી.ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે.જ્ઞાની બ્રહ્મનું ચિંતન કરતાં કરતાંબ્રહ્મમય થઈ શકે છે, પણ અનન્ય ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે. તપ, જ્ઞાન કરતાં પ્રેમ લક્ષણા ભક્તિ જ શ્રેષ્ઠ છે.જ્ઞાન અને તપ ભગવાનને બાંધી શકે નહીં.જ્ઞાનીઓ, તપસ્વી ઓ બ્રહ્મ ચિંતન કરે છે,પણ પ્રેમ લક્ષણા ભક્તિ જ ભગવાનને બાંધી શકે છે. જીવમાત્ર ઉપર પરમાત્મા પ્રેમનો વરસાદ વરસાવે છે, પણ આ જીવ એવો દુષ્ટ છે કે, તે પ્રભુ સાથે પ્રેમ કરતો નથી. પ્રભુમાં પ્રેમ જગાડવા માટે પ્રભુના ઉપકારોનું સ્મરણકરો ઠાકોરજીને લીધે હું સુખી છું. પ્રભુની કૃપાથી હું સુખી થયો છું. એવો વારંવાર વિચાર કરશો તો પ્રભુમાં પ્રભુ જાગશે.પરમાત્મા બીજું કાંઈ માગતા નથી માત્ર પ્રેમ માગે છે.પ્રભુ સાથે પ્રેમ કરવો હોય તો બે વસ્તુઓ હંમેશાં ધ્યાનમાં રાખજો.પ્રભુ પાસે કાંઈ માગશો નહીં અને પ્રભુએ કરેલા ઉપકારો ભૂલશો નહીં. બીજા કોઈ બળથી જીવ પ્રભુને બાંધી શકે નહીં, ફક્ત પ્રેમદોરીથી બાંધી શકે છે. ભાગવતમાં હાસ્યરસ, શૃંગારરસ, વીરરસ,કરુણરસ વગેરે નવરસો છેઅને દસમો રસ ભક્તિરસ પણ તેમાં છલોછલભર્યો છે. ભક્તિરસ બીજા નવેનવ રસોથી ઉત્તમ છે. કારણકે અન્ય સર્વ રસમાં કડવાશ છે. તુલસીદાસજી કહે છેકે,ભક્તિ જ પ્રભુને પીગળાવી શકે છે. ભક્તિને કોઈપણ જાતની અવલંબનની જરૂર પડતી નથી. તે સ્વતંત્ર છે.જ્ઞાન-વિજ્ઞાન ભક્તિને આધીન છે, ભક્તિએ કોઈને આધીન નથી.આથી ભક્તિ શ્રેષ્ઠ છે.

### રણબીર કપૂર એક પછી એક ફિલ્મો હાથ પર લઈ રહ્યો છે તેનું આવનારું વર્ષ પણ વ્યસ્ત રહેવાનું છે

# ‘એનિમલ’ ત્રણ ભાગમાં બનશે, ‘એનિમલ પાર્ક’માં વિલન પણ હું જ છું: રણબીર



રણબીર કપૂર એક પછી એક ફિલ્મો હાથ પર લઈ રહ્યો છે તેનું આવનારું વર્ષ પણ વ્યસ્ત રહેવાનું છે. ૨૦૨૩માં આવેલી તેની ‘એનિમલ’ બ્લોકબસ્ટર રહી. હવે છેલ્લા એક વર્ષથી તેના ફેન્સ તેની ફિલ્મોની રાહ જોઈ રહ્યા છે. ત્યારે રણબીરે તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં પોતાની આવનારી ફિલ્મો વિશે મહત્વની માહિતી આપી છે. રણબીરની ખૂબ લોકપ્રિય થયેલી સાથે જેની ટીકા પણ ખૂબ થઈ છે એવી ફિલ્મ ‘એનિમલ’ ત્રણ ભાગમાં આવતી હોવાનો રણબીર કપૂરે વાયદો કર્યો છે. સંદીપ રેડ્ડી વાંગાની આ ફિલ્મ વિશે ઉત્સાહ વ્યક્ત કરતા રણબીરે કહ્યું,“ડિરેક્ટર હાલ બીજી કોઈ ફિલ્મમાં વ્યસ્ત છે. અમારી ફિલ્મ અમે કદાચ ૨૦૨૭માં શરૂ કરીશું. તે આ ફિલ્મના પ્રેમમાં પડી ગયા છે એટલે આ ફિલ્મ ત્રણ ભાગમાં બનાવવાની તેમની ઈચ્છા છે.”બીજા ભાગ ‘એનિમલ પાર્ક’ વિશે વાત કરતા રણબીરે કહ્યું,“બહુ મજાની વાત છે, કારણ કે હવે હું ડબલ રોલ કરવાનો છું. હિરો અને વિલન બંને. આ ફિલ્મ અને ખૂબ મૌલિક વાર્તા કહેતા ડિરેક્ટર સાથે કામ કરવા માટે અતિ ઉત્સાહિત પણ છું.”રણબીરે એવું પણ કહ્યું કે ‘બ્રહ્માસ્ત્ર’ના બીજા ભાગમાં પણ આલિયા ભટ્ટ જોવા મળશે. જોકે, આ ફિલ્મ




અંગે રણબીરે ખાસ માહિતી આપી નહોતી. હાલ આયાન રિતિક રોશનની ‘વૉર ૨’માટે કામ કરી રહ્યો છે. તેના પછી તે ‘બ્રહ્માસ્ત્ર ૨’માટે કામ શરૂ કરશે. રણબીરે તાજેતરમાં જ નિતેશ તિવારીની ‘રામાયણ’ના પહેલા ભાગનું શૂટ પૂરું કર્યું છે. આ અંગે રણવીરે કહ્યું,“હાલ હું રામાયણ નામની ફિલ્મ માટે કામ કરી રહ્યો છું, જે ભારતની મહાન કથા છે. આ ફિલ્મ બે ભાગમાં બનશે. તેમાં રામ અને રાવણની કથા છે. જે નવી પેઢીને નવી ટેક્નોલોજીની મદદથી કહેવામાં આવશે.”ટૂંક સમયમાં રણબીર આ ફિલ્મના બીજા બાગ માટે કામ શરૂ કરવાનો છે. રામાયણની કથામાં કામ કરવા બદલ રણબીરે કહ્યું,“કલાકારો અને ક્રૂમાં આ ફિલ્મ માટે દુનિયાભરમાંથી લોકોને અહીં લવાયા છે. રણબીર કપૂર એક પછી એક ફિલ્મો હાથ પર લઈ રહ્યો છે તેનું આવનારું વર્ષ પણ વ્યસ્ત રહેવાનું છે મેં પહેલાં ભાગનું શૂટિંગ પૂરું કરી નાંખ્યું છે અને બીજા ભાગનું શૂટ ટૂંક સમયમાં શરૂ કરીશું. ભગવાનનો રોલ કરીને હું ખુબ ગૌરવ અનુભવું છું, એ ફિલ્મનો ભાગ હોવું એ જ મારા માટે મહત્વની વાત છે. આ ફિલ્મમાં બધું જ છે. આ ફિલ્મ શીખવે છે કે, ખરી ભારતીય સંસ્કૃતિ શું છે, પરિવારના સમીકરણો કેવા હોય અને પતિ પત્ની વચ્ચેના સંબંધો કેવા હોય. તો હું આ ફિલ્મ વિશે ઘણો ઉત્સાહીત છું.”આ ફિલ્મનો પહેલો ભાગ ૨૦૨૬માં અને બીજો ભાગ ૨૦૨૭માં રિલીઝ થશે. તેમાં સાઈ પલ્લવી સીતા, યશ રાવણ, લારા દત્તા કૈકેયી, સન્ની દેઓલ હનુમાન અને શીબા ચઢ્ઢા મંથરાના રોલમાં જોવા મળશે. રણબીર આ ઉપરાંત યશરાજ ફિલ્મ્સની ‘ધૂમ ૪’, સંજય લીલા ભણસાલીની‘લવ એન્ડ વૉર’માં પણ કામ કરી રહ્યો છે.

# ઈવેન્ટના બહાને અભિનેતા મુસ્તાક ખાનનું અપહરણ

### અપહરણકારોએ તેની પાસેથી ૨ લાખની ઉચાપત કરી હતી અને તેને બંધક બનાવીને ત્રાસ આપ્યો હતો

બિજનૌરમાં ફિલ્મ અભિનેતા મુસ્તાક ખાનને ઈવેન્ટના નામે ફસાવીને તેનું અપહરણ કરવાનો મામલો સામે આવ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અપહરણકારોએ તેની પાસેથી ૨ લાખ રૂપિયાની ઉચાપત કરી હતી. તેમણે કોઈક રીતે ભાગીને પોતાનો જીવ બચાવ્યો હતો. પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.ફિલ્મ અભિનેતા મુસ્તાક ખાનને બિજનૌરમાં એક કાર્યક્રમના નામે બોલાવીને તેનું અપહરણ કરવામાં આવ્યું હતું. અપહરણકારોએ તેની પાસેથી ૨ લાખની ઉચાપત કરી હતી અને તેને બંધક બનાવીને ત્રાસ આપ્યો હતો. અપહરણકારોએ તેની પાસેથી ૨ લાખની ઉચાપત કરી હતી અને તેને બંધક બનાવીને ત્રાસ આપ્યો હતો. કોઈક રીતે બીજા દિવસે સવારે મોકો મળતા મુસ્તાક ખાન ભાગી જવામાં સફળ રહ્યો. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી છે.મુસ્તાક ખાનના ઈવેન્ટ મેનેજર શિવમ યાદવના અહેવાલ મુજબ ૧૫ ઓક્ટોબરે મેરઠના એક વ્યક્તિ રાહુલ સૈનીએ મુસ્તાકને એક ઈવેન્ટમાં હાજરી આપવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ૨૦ નવેમ્બરના રોજ મુસ્તાક ખાન મુંબઈથી દિલ્હી પહોંચ્યો હતો, જ્યાં રાહુલ દ્વારા મોકલવામાં આવેલી કેબ તેને લેવા આવી હતી. દિલ્હી એરપોર્ટ છોડ્યા પછી કેબ રસ્તામાં એક શિકંજી સ્ટોલ પર રોકાઈ



અને પછી તેમને બીજા વાહનમાં બેસાડ્યા. થોડે દૂર ચાલ્યા પછી કારમાં વધુ બે લોકો ચડ્યા. આ પછી, અપહરણકારોએ મુસ્તાક પર હુમલો કર્યો, તેને પકડી લીધો અને અજાણ્યા સ્થળે લઈ ગયા. એવું કહેવામાં આવી રહ્યું છે કે મુસ્તાક ખાન પાસેથી પૈસાની માંગણી કરવામાં આવી હતી, પરંતુ તેની પાસે ATM ન હોવાથી અપહરણકારોએ તેના મોબાઈલ ફોનમાંથી ૨ લાખ રૂપિયા તેના પુત્રના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. આ દરમિયાન અપહરણકારોએ દારૂની મહેફિલ રાખી હતી. સવારે તેમની નશાની સ્થિતિનો લાભ લઈને મુસ્તાક કોઈક રીતે ભાગીને એક મસ્જિદમાં પહોંચ્યો અને મદદ માંગી. તેની સાથે બનેલી ઘટના વિશે મૌલવીને જાણ કરી.ત્યાંથી તેણે તેના પરિચિતોને બોલાવ્યા અને પછી મસ્જિદની આસપાસના લોકોએ તેને મુંબઈ મોકલી દીધો. મુંબઈ પહોંચ્યા બાદ તેણે તેના ઈવેન્ટ મેનેજર અને પરિવારને સમગ્ર ઘટનાની જાણ કરી હતી.ઈવેન્ટ મેનેજર શિવમ યાદવની ફરિયાદ પર, પોલીસે કોતવાલી શહેર પોલીસ સ્ટેશનમાં BNSની કલમ ૧૪૦ (૨) એટલે કે અપહરણ, બંધક બનાવવું અને ખંડણી વસૂલવાનો કેસ નોંધ્યો છે. આ મામલે એસપી અભિષેક ઝાએ કહ્યું કે પોલીસ ગેંગની ઓળખ કરવામાં વ્યસ્ત છે. આ મામલો ટૂંક સમયમાં બહાર આવશે.



### કોન્સર્ટની વચ્ચે જ નીકળવું હોય તો ના આવતા : સોનુ

# રાજસ્થાનના સીએમ પર ગુસ્સે થયો સોનુ નિગમ

### રાજસ્થાનમાં આયોજિત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટના પ્રથમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો

રાજસ્થાનમાં આયોજિત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૨૪ના પ્રથમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. પ્રસિદ્ધ ગાયક સોનુ નિગમે આ કાર્યક્રમમાં મનમોહક અંદાજમાં ગીતો ગાઈ લોકોનું મન મોહી લીધું હતું. જોકે, પ્રોગ્રામ પૂર્ણ થયા બાદ સોનુ નિગમ નારાજ જોવા મળ્યો હતો.આ પણ વાંચોઃ કરણી સેનાના પ્રમુખે પુષ્પા ૨ના મેકર્સને આપી ધમકી, ફિલ્મમાં ક્ષત્રિયોનું અપમાન થવાનો આરોપ આ કાર્યક્રમમાં રાજસ્થાનના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને અન્ય દિગ્ગજ નેતાઓ ઉપલબ્ધ રહ્યા હતા. પ્રોગ્રામ પૂર્ણ થયા બાદ સોનુ નિગમ મુખ્યમંત્રી- નાયબ મુખ્યમંત્રી સાથે મંત્રીઓ અને નેતાઓ પર તૂટી ગુસ્સે થયો હતો. તેમજ સોનુ નિગમે તે લોકોને કાર્યક્રમમાં ભાગ ન લેવા સુધીની સલાહ આપી દીધી હતી.રાજસ્થાન ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટમાં સોનુ નિગમ પોતાના મનમોહક સંગીત સાથે માહોલ બનાવી રહ્યો હતો. ત્યારે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, મંત્રી, નેતા અને ડેલિગેટ્સ અચાનક અધવચ્ચેથી પ્રોગ્રામ છોડીને ચાલ્યા ગયા હતા. જેથી સોનુ નિગમ નારાજ થયો હતો. અને સોશિયલ મીડિયા પર બળાપો કાઢ્યો હતો.સોનુ નિગમે નારાજગી વ્યક્ત કરતા સોશિયલ મીડિયા પર કહ્યું કે, જો તમારે જવું જ હતું તો, પહેલાં જ



જતું રહેવું હતું. શોને અધવચ્ચે છોડીને ચાલ્યા જવું યોગ્ય નથી. હું જાણું છું કે, તમારી પાસે બહુ કામ છે, પરંતુ કલાનું સન્માન તમે જ નહીં કરો તો કોણ કરશે? વધુમાં કહ્યું કે, શો સરસ ચાલી રહ્યો હતો, અને તમે અધવચ્ચે ઉભા થઈને ચાલ્યા ગયા. આ પ્રકારનું વર્તન દુનિયામાં ક્યાંય નથી થતું. અમેરિકામાં પણ આવું નથી થતું. જો તમારે પ્રોગ્રામમાં બેસવું જ ન હોય તો શો શરૂ થાય તે પહેલાં જ જતા રહો. અથવા તો ભાગ જ ન લેશો.રાજસ્થાન ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૨૪ની શરૂઆત ધમાકેદાર રહી હતી. જે રાજ્યમાં રોકાણકારોને રોકાણ કરવા માટે આકર્ષિત કરે છે. જેની શરૂઆતમાં રાજસ્થાનની વીરગાથાઓ અને સાંસ્કૃતિક વારસા આધારિત લાઈટ એન્ડ સાઉન્ડ શો મારફત થઈ હતી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભજનલાલ શર્મા, નાયબ મુખ્યમંત્રી દિયા કુમારી, નાયબ મુખ્યમંત્રી ડો. પ્રેમચંદ બૈરવા, રાજ્યસભા સાંસદ મદન રાઠોડ, મુખ્ય સચિવ સુધાંશ પંત સહિત દેશ અને વિદેશના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



### ધોતી-કુર્તા પહેરીને ભસ્મ આરતીમાં થયો સામેલ

# મહાકાલેશ્વર મંદિર પહોંચ્યો સિંગર દિલજીત દોસાંઝ

### સિંગરે તેના ફેન્સ માટે તેની મંદિરની મુલાકાતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે



દિલજીત દોસાંઝ હાલ દિલ-લુમિનાટી ઈન્ડિયા ટૂર ૨૦૨૪ના કારણે ખૂબ જ લોકપ્રિયતા મેળવી રહ્યો છે. જયપુર, બેંગલુરુ, દિલ્હી, મુંબઈ બાદ દિલજીતે તાજેતરમાં ઈન્દોરમાં પોતાનો કોન્સર્ટ કર્યો હતો, ત્યારબાદ તે મંગળવારે ઉજ્જૈનના મહાકાલેશ્વર મંદિર પહોંચ્યો હતો, જ્યાં તેણે મહાકાલની ભસ્મ આરતીમાં પણ ભાગ લીધો હતો. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયોમાં દિલજીત સફેદ ધોતી-કુર્તા અને માથા પર પાઘડી પહેરેલો જોવા મળે છે. ગર્ભગૃહની બહાર બેસીને તે ભોલેનાથની ભક્તિમાં તલ્લીન જોવા મળે છે. સિંગરે તેના ફેન્સ માટે તેની મંદિરની મુલાકાતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. આ સાથે જ તેણે કેપ્શનમાં લખ્યું, ‘જય શ્રી મહાકાલ’ છે. દિલજીત દોસાંઝે ઘણી હિન્દી અને પંજાબી ફિલ્મોમાં પોતાના અભિનયથી દર્શકોના દિલ જીતી લીધા છે. તેમની લોકપ્રિય હિન્દી ફિલ્મો ‘ઉડતા પંજાબ’, ‘સૂરમા’ ‘ચમકીલા’ છે, જ્યારે પંજાબી ફિલ્મોમાં ‘જટ્ટ એન્ડ જુલિયટ’, ‘પંજાબ ૧૯૮૪’, ‘સરદાર જી’, ‘સુપર સિંહ’ અને ‘અંબરસરિયા’ જેવી બ્લોકબસ્ટર ફિલ્મોનો સમાવેશ થાય છે.

### અગ્નિવીરોને અંજલિ

# જ્વાલા મૈં જો જીતે હૈં, વો અમર હો જાતે હૈ

‘જ્વાલા મેં જો જીતે હૈ વો અમર હો જાતે હૈ’- આ સાર છે ફાયર ફાઈટર્સના જીવન પર આધારિત પ્રતિક ગાંધીની ફિલ્મ ‘અગ્નિ’નો. ફાયર ફાઈટર્સની સામાન્ય લોકોના જીવ બચાવવા માટેની બહાદુરી અને જિંદાદિલીને આ ફિલ્મ દ્વારા એક અંજલિ આપવામાં આવી છે. સામાન્ય રીતે આ અગ્નિવીરોનું પ્રદાન અને બલિદાન ખાસ કોઈના ધ્યાનમાં આવતું નથી. દરરોજ જીવ સટોસટીનો ખેલ ખેલતા આ કર્મચારીઓના પરિવારની સ્થિતિ આ ફિલ્મમાં જોઈ શકાય છે. રાહુલ ધોળકિયાની આ ફિલ્મમાં બહાદુરી, પરિવારની વાત સાથે રહસ્ય અને ભરપૂર એક્શન પણ છે.યુએસમાં ૯-૧-૧ ઈમરજન્સી સર્વિસને ધ્યાનમાં રાખીને એક આ જ નામની વેબ સિરીઝ બનાવવામાં આવી છે. પ્રતિક ગાંધની ફિલ્મ આ સમગ્ર સિરીઝનો સરવાળો કરતી વાર્તાનું એક ભારતીય વર્ઝન છે. પ્રતિક ગાંધી, દિવ્યેંદુ શર્મા, સૈયામી ખેર અને સાઈ તમહંકર આ ફિલ્મમાં મહત્વના રોલમાં છે. આ ફિલ્મમાં અચાનક જ વધી જતી આગની ઘટનાઓ, તેના કારણે વિઠ્ઠલ એટલે કે પ્રતિક ગાંધીના જીવનમાં ઊભી થતી સમસ્યાઓ, તેના સાળા સમિત એટલે કે દિવ્યેંદુ શર્મા સાથે મળીને કામ કરવામાં તેને પડતી તકલીફો, તેમજ આ ઘટનાઓ પાછળનું રહસ્ય મુખ્ય વાર્તા છે. ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી આ ફિલ્મમાં સૈયામી ખેર મહિલા ફાયર ફાઈટરના રોલમાં છે, સૈયામી દ્વારા કરવામાં આવેલું આ વધુ એક વૈવિધ્યસભર પાત્ર છે. આ પહેલાં તે ક્રિકેટર, બાર ગર્લ પ્રકારના રોલ પણ કરી ચૂકી છે. આ ફિલ્મની મહત્વની વાત એ છે કે તેમાં માણસોની સંવેદનાઓ અને ભાવનાઓ મહત્વની છે. તેમાં કોઈ બિનજરૂરી ગીતો ઘૂસાડવામાં આવ્યા નથી. પરમતુ બેકગ્રાઉન્ડ મ્યુઝિક મહત્વનો ભાગ ભજવે છે. એમેઝોન પ્રાઈમ પર રિલીઝ થયેલી આ ફિલ્મને હાલ દર્શકોનો મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે.

### ‘એક્ટિંગ ના કરતો તો અંડરવર્લ્ડમાં હોત’

# બોલિવૂડના દિગ્ગજ એક્ટર નાના પાટેકરના નિવેદનથી ખળભળાટ

ઋષિ કપૂર, ગોવિંદા જેવા ઘણા બોલિવૂડ એક્ટર્સ છે જેમણે ફેન્સ પર હુમલો કર્યો હતો અને તેમના હુમલાની વાત જાણીતી હતી. નાનાએ પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે શોટની વચ્ચે ફેન સેલ્ફી લેવા આવ્યો હતો જેના કારણે તે ગુસ્સે થઈ ગયો હતો. જાહેરમાં ચાહકને થપ્પડ મારવા બદલ ગોવિંદાને કોર્ટમાં જવું પડ્યું હતું. ૨૦ ડિસેમ્બરે રિલીઝ થનારી ફિલ્મના સેટ પર કંઈક આવું જ થયું. અનિલ શર્મા દ્વારા નિર્દેશિત ફિલ્મ ‘વનવાસ’ના સેટ પર નાના પાટેકરે એક ફેનને થપ્પડ મારી દીધી હતી, ત્યારબાદ આ ઘટનાએ સોશિયલ મીડિયા પર ખૂબ ધ્યાન ખેંચ્યું હતું. નાના પાટેકરે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં આ ઘટનાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે જો તે એક્ટિંગમાં ન આવ્યો હોત તો તે અંડરવર્લ્ડમાં હોત. ઈન્ટરવ્યુમાં નાના પાટેકરે



કહ્યું, ‘લોકો મારાથી ડરતા હતા. હું એકદમ હિંસક હતો અને વધારે વાત નહોતો કરતો. હવે હું ઘણો ઓછો હિંસક બની ગયો છું. હું મારી એક્શનથી જ વાત કરતો હતો, પરંતુ આજે પણ જો કોઈ મને ચીડવે તો હું તેને છોડતો નથી. જો હું એક્ટિંગમાં ન આવ્યો હોત તો હું અંડરવર્લ્ડમાં હોત અને હું આ વાત બિલકુલ મજાકમાં નથી કહી રહ્યો.નાનાએ પોતાના ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે શોટની વચ્ચે ફેન સેલ્ફી લેવા આવ્યો હતો જેના કારણે તે ગુસ્સે થઈ ગયો હતો. જો તે સીન પછી આવ્યો હોત તો તેને ફોટો ક્લિક કરવામાં કોઈ મુશ્કેલી ન પડી હોત. આ પહેલીવાર નથી જ્યારે નાના પાટેકરનું નામ વિવાદોમાં ઘેરાયેલું હોય. એક્ટ્રેસ તનુશ્રી દત્તાએ એક્ટર પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. તે સૈં ચળવળ દરમિયાન તેણે ખુલાસો કર્યો હતો કે નાના પાટેકરે ફિલ્મના સેટ પર તેની સાથે ગેરવર્તણૂક કરી હતી.

### ‘અવતાર’ જેવી ફિલ્મ બનશે

# રણબીર કપૂરની ‘રામાયણ’માં સની દેઓલ હનુમાન બનશે

### નિર્દેશક નિતેશ તિવારીની ફિલ્મ ‘રામાયણ’ની દરેક લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, આમાં રણબીર ભગવાન રામના રોલમાં જોવા મળશે




સની દેઓલે માત્ર એ વાતની પુષ્ટિ કરી નથી કે તે રણબીર કપૂરની ફિલ્મ ‘રામાયણ’નો ભાગ છે, પરંતુ તેણે નીતિશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી ફિલ્મ વિશે પણ ખુલાસો કર્યો છે. તેણે કહ્યું કે આ ફિલ્મ ‘અવતાર’ અને ‘પ્લેનેટ ઑફ ધ એપ્સ’ જેવી બનાવવામાં આવશે.નિર્દેશક નિતેશ તિવારીની ફિલ્મ ‘રામાયણ’ની દરેક લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આમાં રણબીર કપૂર ભગવાન રામના રોલમાં જોવા મળશે. સાઈ પલ્લવી માતા સીતાના રોલમાં જોવા મળશે. અહેવાલો સૂચવે છે કે KGFના યશ રાવણની ભૂમિકા ભજવશે અને એવું અનુમાન કરવામાં આવી રહ્યું હતું કે સની દેઓલ રામભક્ત હનુમાનની ભૂમિકામાં જોવા મળશે. હવે આ અંગે અભિનેતાએ પોતાની પ્રતિક્રિયા આપી છે.સની દેઓલે સત્તાવાર રીતે ફિલ્મ ‘રામાયણ’માં તેની ભાગીદારીની પુષ્ટિ કરી છે. તે મુંબઈની કેસી કોલેજમાં આયોજિત સ્ક્રીન લાઈવની ત્રીજી આવૃત્તિમાં ભાઈ બોબી દેઓલ સાથે જોવા મળ્યો હતો અને તેણે જાહેર કર્યું કે તે આ પ્રોજેક્ટનો એક ભાગ છે.આ ફિલ્મ વિશે વાત કરતાં સની દેઓલે કહ્યું, ‘રામાયણ એક લાંબો પ્રોજેક્ટ છે કારણ કે તેઓ તેને ‘અવતાર’ અને ‘પ્લેનેટ ઑફ ધ એપ્સ’ની જેમ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમામ ટેકનિશિયન તેનો ભાગ છે. લેખક અને દિગ્દર્શક સ્પષ્ટ છે કે તે કેવી રીતે બનાવવું જોઈએ અને પાત્રોને કેવી રીતે રજૂ કરવા જોઈએ.ઓમ રાઉતની ‘આદિપુરુષ’માં જે રીતે પરિસ્થિતિની આલોચના થઈ હતી, સની દેઓલે તેના ચાહકોને ખાતરી આપી છે કે આવી સ્પેશિયલ ઈફેક્ટ્સ જોવા મળશે જેનાથી એવું લાગશે કે આ ઘટના ખરેખર બની છે. તેણે કહ્યું કે તે શાનદાર બનશે અને દરેકને તે ગમશે.‘રામાયણ’ના રિલીઝ વર્ષનું એલાન કરવામાં આવ્યું છે. તેનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર રિલીઝ થશે અને બીજો ભાગ ૨૦૨૭માં દિવાળી પર રિલીઝ થશે.રણબીર કપૂરે પહેલા ભાગનું શૂટિંગ પૂરું કર્યું છે, અગાઉ રણબીર કપૂરે જેદ્દાહમાં આયોજિત રેડ સી ફિલ્મ ફેસ્ટિવલમાં કહ્યું હતું કે તેણે બે ભાગમાં બની રહેલી ‘રામાયણ’ના પહેલા ભાગનું શૂટિંગ પૂર્ણ કર્યું છે. તેણે કહ્યું હતું કે, ‘તેના બે ભાગ છે. મેં પાર્ટ ૧નું શૂટિંગ પૂરું કરી લીધું છે અને ટૂંક સમયમાં ભાગ ૨નું શૂટિંગ શરૂ કરીશ. હું એ વાર્તાનો ભાગ બનવા અને રામની ભૂમિકા ભજવવા બદલ ખૂબ આભારી છું. મારા માટે આ એક સપનું છે. આ એક એવી ફિલ્મ છે જેમાં બધું જ છે. તે ભારતીય સંસ્કૃતિ શું છે તે શીખવે છે.

## ન્યૂઝ બ્રિફ

### દેશના અનેક રાજ્યોમાં કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી

। નવી દિલ્હી, તા.૧૧ ।

ઉત્તર ભારતમાં સતત થઈ રહેલી હિમવર્ષાથી દેશના હવામાનમા બદલાવ આવ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં ૧૧ ડિસેમ્બરથી સતત ઠંડીનું મોજું રહેવાની શક્યતા છે, પશ્ચિમ રાજસ્થાનમાં ૫ હેલેથી જ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં આજે શીત લહેરનો અનુભવ થવાની સંભાવના છે. પૂર્વ રાજસ્થાનમાં ૧૩ ડિસેમ્બર સુધી કોલ્ડ વેવની આગાહી કરવામાં આવી છે. આ અઠવાડિયે પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, ચંદીગઢ, પશ્ચિમ મધ્ય પ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં શીત લહેર આવવાની શક્યતા છે.

### ખેડૂતો ૧૪મી ડિસેમ્બરે ફરીથી દિલ્હી કરશે કૂચ

। નવી દિલ્હી, તા.૧૧ ।

શંભુ બોર્ડર પર એકઠા થયેલા ખેડૂતોએ ફરી એકવાર રાજધાની દિલ્હી તરફ કૂચ કરવાની તૈયારીઓ તેજ કરી દીધી છે. ખેડૂત નેતા સરવન સિંહ પંઢેરે મંગળવારે પ્રેસ કોન્ફરન્સ કરી અને જાહેરાત કરી કે, ખેડૂતો ફરી એકવાર ૧૪ ડિસેમ્બરે સંપૂર્ણ તાકાત સાથે દિલ્હી તરફ કૂચ કરશે. ખેડૂત આગેવાને કહ્યું કે, હવે અમે ૧૪મી ડિસેમ્બરે દિલ્હી જવા રવાના થઈશું, અમારા વિરોધને ૩૦૩ દિવસ પૂરા થયા છે અને ખેડૂતોના આમરણાંત ઉપવાસને પણ ૧૫મો દિવસ પૂરો થયો છે.

### સુપ્રીમ કોર્ટની મહત્વની ટિપ્પણી

# પતિ સાથે અંગત બદલો લેવા માટે દહેજના કાયદાનો થઈ રહ્યો છે ખોટો ઉપયોગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

હાલમાં બેંગલુરુ સ્થિત એક આઈટી પ્રોફેશનલની તેની પત્ની અને સાસરિયાઓ દ્વારા કથિત ઉત્પીડનને કારણે આત્મહત્યા સમાચારમાં છે, તો વળી સુપ્રીમ કોર્ટ વિરૂદ્ધ દાખલ વૈવાહિક વિવાદના કેસોમાં મહિલાઓ પ્રત્યેની ક્રૂરતા અંગેના એક અલગ કેસમાં સમાચારમાં છે. તેમના પતિઓને દુરુપયોગ સામે ચેતવણી આપી. સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે દહેજ ઉત્પીડનના કેસોમાં કાયદાનો દુરુપયોગ અટકાવવા અને પતિના સંબંધીઓને ફસાવવાની વૃત્તિને કારણે નિર્દોષ પરિવારના સભ્યોને બિનજરૂરી મુશ્કેલીમાંથી બચાવવા અદાલતોએ સાવચેત રહેવું જોઈએ. જસ્ટિસ બી.વી. નાગરથના અને જસ્ટિસ એન. કોટીશ્વર સિંહની ખંડપીઠે જણાવ્યું હતું કે લગ્ન સંબંધી



વિવાદમાંથી ઉદ્ભવતા ફોજદારી કેસમાં પરિવારના સભ્યોની સક્રિય સંડોવણી દર્શાવતા ચોક્કસ આરોપો વિના પરિવારના સભ્યોના નામનો ઉલ્લેખ શરૂઆતમાં જ પ્રતિબંધિત કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું, ''ન્યાયિક અનુભવથી એ જાણીતી હકીકત છે કે વૈવાહિક વિવાદના કિસ્સામાં, પતિના પરિવારના તમામ સભ્યોને ફસાવી દેવાની વૃત્તિ ઘણી વાર હોય છે. નક્કર પુરાવા અથવા ચોક્કસ આરોપો વિના સામાન્ય અને વ્યાપક આરોપો ફોજદારી કાર્યવાહીનો આધાર બનાવી શકતા નથી.'' તેથી, સર્વોચ્ચ અદાલતે કહ્યું કે આવા કિસ્સાઓમાં અદાલતોએ કાનૂની જોગવાઈઓ અને કાનૂની પ્રક્રિયાના દુરુપયોગને અટકાવવો જોઈએ અને નિર્દોષ પરિવારના સભ્યોને સાવચેતી રાખવી જોઈએ બિનજરૂરી મુશ્કેલી ટાળવા માટે લેવામાં આવે છે. તેલંગાણામાં એક મહિલાએ તેના પતિ અને સાસરિયાના અન્ય લોકોની સામે દહેજ ઉત્પિડનની કલમ ૪૯૮એ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી, આ ફરિયાદને રદ કરવાની માગ સાથે પતિએ હાઈકોર્ટમાં અરજી કરી હતી જેને ફગાવી દેવામાં આવી હતી. જે બાદ મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને રદ કરી દીધો હતો.

### અકસ્માતમાં ૯ લોકો ઈજાગ્રસ્ત, બે ગંભીર

# રાજસ્થાનના મુખ્યમંત્રીના કાફલાને અકસ્માત નડ્યો

## ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં સિફ્ટ કરાયા, બેની સ્થિતિ ગંભીર જેમને આઈસીયુમાં શિફ્ટ કરાયા

। (એજન્સી) જયપુર, તા.૧૧ ।

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માના કાફલાને અકસ્માત નડ્યો છે. જયપુરમાં બુધવારે બપોરે થયેલી આ દુર્ઘટનામાં કાફલામાં તહેનાત સુરક્ષા કર્મચારીઓ સહિત ૯ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોમાંના બે ની સ્થિતિ ગંભીર છે જેમને આઈસીયુમાં શિફટ કરવામાં આવ્યા છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને દુર્ઘટનાગ્રસ્ત કારને રસ્તાથી હટાવી અને ટ્રાફિકને દૂર કર્યો. સાથે જ કાફલામાં સામેલ ગાડીને ટક્કર મારનારી કારને કબ્જામાં લઈને આગળની કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે.

જાણકારી અનુસાર, સીએમ ભજનલાલે ટ્રાફિક પોલીસને તેમના કાફલાની મૂવમેન્ટ દરમિયાન સામાન્ય જનતાને ન રોકવાના આદેશ આપ્યા હતા. દરમિયાન જ્યારે સીએમ નીકળ્યા તો રોન્ગ સાઈડથી આવી રહેલી ગાડીએ તેમના કાફલામાં ઘૂસીને સુરક્ષા કર્મચારીઓની ગાડીને ટક્કર મારી દીધી. જેમાં ૫ સુરક્ષા કર્મચારીઓ સહિત ૯ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા. તેમાંથી બે સુરક્ષા કર્મચારીઓની ગંભીર સ્થિતિને જોતાં આઈસીયુમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોને મુખ્યમંત્રી પોતે હોસ્પિટલ સુધી લઈને ગયા અને તેમને સારવાર માટે દાખલ કરાવ્યા. મુખ્યમંત્રી કાર્યાલયના એક અધિકારીએ જણાવ્યું કે 'આ દુર્ઘટના એનઆરઆઈ સર્કલ નજીક થઈ, જ્યારે સીએમના કાફલાની એક ગાડી એક કાર સાથે ટકરાવાથી બચવાના પ્રયત્નમાં રસ્તાના ડિવાઈડર સાથે ટકરાઈ ગઈ. મુખ્યમંત્રીએ પોતાની ગાડી રોકાવી અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા.' સીએમનો કાફલો હંમેશાની જેમ આગળ વધી રહ્યો હતો અને કોઈ પરિવહન રોકાવ્યું નહતું. આ દરમિયાન દુર્ઘટના થઈ.

### રાહુલ ગાંધીએ રાજનાથ સિંહને આપ્યો રાષ્ટ્રધ્વજ અને ગુલાબ

। નવી દિલ્હી, તા.૧૧ ।

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પોતાનો વિરોધ વ્યક્ત કરવા સંસદ સંકુલમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહને ગુલાબના ફૂલ અને ત્રિરંગો આપ્યો હતો. રાજનાથ સિંહ સંસદમાં પ્રવેશવા માટે તેમની કારમાંથી નીચે ઉતર્યા કે તરત જ રાહુલ ગાંધી અને અન્ય કોંગ્રેસી નેતાઓ તેમની પાસે આવ્યા અને તેમને ગુલાબના ફૂલ અને ત્રિરંગો આપ્યો. આ ઘટના સંસદની બહાર વિપક્ષના વિરોધ દરમિયાન બની હતી, જેમાં કેન્દ્ર સરકાર પર અમેરિકામાં અદાણી સામેના લાંચના આરોપો પર ચર્ચા ટાળવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

### પરભણીમાં રસ્તા પર પથ્થરમારો અને આગની ઘટનાઓ થઈ

# આંબેડકરની પ્રતિમાનું અપમાન થતાં પરભણીમાં થયેલી હિંસા

## પ્રદર્શનકારીઓએ કાબૂમાં કરવા માટે પોલીસને હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો : તણાવપૂર્ણ શાંતિ

। (એજન્સી) પરભણી, તા.૧૧ ।

બાબા સાહેબ ભીમરાવ આંબેડકરના અનુયાયીઓ દ્વારા બોલાવવામાં આવેલી પરભણી જિલ્લા બંધ આંદોલને હિંસક રૂપ ધારણ કરી લીધું છે. પરભણી શહેરમાં રસ્તા પર પથ્થરમારો અને આગની ઘટનાઓ થઈ છે. પ્રદર્શનકારીઓએ કાબૂમાં કરવા માટે પોલીસને હળવો લાઠીચાર્જ પણ કરવો પડ્યો હતો. એટલા માટે અમુક જગ્યાએ ટીયર ગેસના સેલ પણ છોડવામાં આવ્યા હતા. પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવી લીધો છે અને તણાવપૂર્ણ શાંતિ છે. જિલ્લાધિકારીએ કોઈ પણ અફવા પર વિશ્વાસ નહીં કરવાની અપીલ કરી છે. પરભણી શહેરમાં કલેક્ટર કાર્યાલય સામે ડો. બાબા સાહેબ આંબેડકરની મૂર્તિ છે. ત્યાં ભારતીય સંવિધાનની એક કોપી રાખવામાં આવી છે. મંગળવારે સાંજે લગભગ સાડા પાંચ વાગ્યે કોઈ અજાણ્યા શખ્સે સંવિધાનની કોપી ખરાબ કરી નાખી. તેની જાણકારી મળતા જ પરભણી શહેરમાં તણાવની સ્થિતિ ઊભી થઈ ગઈ. ગુસ્સે થયેલા આંબેડકરના અનુયાયીઓ દ્વારા મંગળવારે રસ્તો રોકો, રેલ રોકો વિરોધ પ્રદર્શન કર્યા. આજે પરભણી બંધ છે. તેમાં માગ કરવામાં આવી છે કે, આ મામલાના માસ્ટરમાઈન્ડની ધરપકડ કરવામાં આવે.

આજે પરભણી બંધને લોકોને મોટી સંખ્યામાં પ્રતિસાદ મળ્યો છે. પરભણીમાં કડક લોકડાઉનનું પાલન થઈ રહ્યું છે. શહેરના કેટલાય વિસ્તારો સવારથી જ બંધ છે. બજારો, દુકાનો, સ્કૂલો અને કોલેજોમાં કોઈ દેખાતું નથી. આજના બંધના દિવસે કોઈ અપ્રિય ઘટના ન થાય, તેને રોકવા માટે જિલ્લામાં કેટલીય જગ્યાએ ભારે પોલીસ ફોર્સ ખડકી દેવામાં આવી છે. પરભણી બજાર સવારથી બંધ છે.

### મનીષ સિસોદિયાને સુપ્રીમ કોર્ટમાંથી મળી મોટી રાહત

। નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસમાં સુપ્રીમ કોર્ટે આજે બુધવારે મનીષ સિસોદિયાને મોટી રાહત આપી છે. આ પછી મનીષ સિસોદિયાએ કોર્ટનો આભાર માન્યો હતો. સુપ્રીમ કોર્ટે એક્સાઈઝ પોલિસી કેસ સંબંધિત ભ્રષ્ટાચાર અને મની લોન્ડરિંગ કેસમાં જામીનની શરતો બદલવાની મનીષ સિસોદિયાની માંગને મંજૂર કરી છે. જામીનની શરતો અનુસાર, તેને અઠવાડિયામાં બે વખત તપાસ એજન્સીઓની ઓફિસમાં હાજર રહેવું પડતું હતું. સિસોદિયાની વિનંતી પર કોર્ટે આજે આ શરત હટાવી દીધી છે. જોકે, કોર્ટે સિસોદિયાને ટ્રાયલમાં નિયમિત હાજર રહેવા કહ્યું છે. મનીષ સિસોદિયાએ ટ્વિટ કરીને કોર્ટનો આભાર વ્યક્ત કર્યો છે.

### ૨.૭ કરોડની ચોરીનો ભેદ ઉકેલાયો

# જ્વેલરી શોપમાંથી ચોરોએ કરોડો રૂપિયાની ચોરી કરી

। (એજન્સી) ચુરુ, તા.૧૧ ।

ચુરુ જિલ્લાના મુખ્ય બજારમાં જ્વેલર્સની દુકાનમાંથી ૨ કરોડ ૭૦ લાખ રૂપિયાની ચોરી થઈ હતી. ચોર ૧૭ લાખ રૂપિયા રોકડા, ૧.૫ કિલો સોનું અને ૨ ક્વિન્ટલ ચાંદીના વાસણો લઈ ગયા હતા. આ ચોરી યુપીની બેટરી ગેંગે કરી હતી. મહત્વની વાત એ છે કે, પોલીસે AIનો ઉપયોગ કરીને માસ્ક પહેરેલા શખ્સના ફોટોગ્રાફ્સ બનાવીને આ ગેંગને પકડી હતી. આરોપીઓ ઔરૈયા (યુપી)ના રહેવાસી ભગીરથ, યાદરામ અને જોતવાડાના રહેવાસી અજય સિંહ છે. માહિતી પ્રમાણે હજુ બે આરોપીઓ ફરાર છે. ચુરુના એસપી જય યાદવે જણાવ્યું કે, આ જ ગેંગે બંગાળમાં પણ ૪ કિલો સોનું ચોર્યું હતું. પોલીસને AI (Artificial intelligence)ની મદદથી કારના નંબર અને માસ્કમાં છુપાયેલા ચહેરાના ફોટોગ્રાફ્સ બનાવવામાં આવ્યા હતા. ૨૦૦ થી વધુ ફોટાઓમાંથી આ ફોટાઓની સિક્વન્સિંગ કરવામાં આવી હતી. આ પછી આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. ગેંગના સભ્યોએ ૩૦ નવેમ્બરની રાત્રે જ્વેલર છગનલાલ સોનીની દુકાનમાંથી ૧.૫ કિલો સોનું, ૨૦૦ કિલો ચાંદી અને ૧૭ લાખની રોકડની ચોરી કરી હતી. છગનલાલે ૧ ડિસેમ્બરે રતનગઢ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાવ્યો હતો. ૩૦ પોલીસ કર્મચારીઓએ રતનગઢ, રાજલદેસર, પરસનેઉ, બિડાસર, જસવંતગઢ બાયપાસ અને લાડનુનના ૧૦૦૦ જેટલા સીસીટીવી કેમેરાની તપાસ કરી હતી.







# ભારતને ખરીદેલા યુદ્ધજહાજમાં તમામ પાર્ટ્સ રશિયાના અને એન્જિન યુક્રેનનું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

રશિયા યુક્રેન વચ્ચે વર્ષોથી ચાલી રહેલા યુદ્ધ વચ્ચે બંને દેશો જુદા જુદા રહેવા છતાં એક કાર્ય માટે સાથે રહ્યા છે. ભારતે રશિયા પાસેથી બે ળીગેટ ખરીદવાનો નિર્ણય કર્યો છે. તેથી બીજી બે ફ્રિગેટ પછીથી ભારતમાં બનાવવામાં આવશે. જે ગોવા શિપ યાર્ડમાં નિર્માણ કરાશે.ફ્રીગેટ સોદામાં રસપ્રદ વાત તે છે કે ફ્રીગેટનું સમગ્ર માળખું રશિયામાં બન્યું છે. પરંતુ તેનું એન્જિન ગેસ ટર્બાઈન યુક્રેનમાં બનેલું છે. ભારતને તે બંને દેશો સાથે સારા સંબંધો છે. ભારતનાં નૌકાદળમાં મોટા ભાગે ગેસ ટર્બાઈન જહાજો છે. તે યુક્રેનના કંપની ઝોરિયા મેશપ્રોટેક્ટ દ્વારા બનાવવામાં આવ્યાં છે. ગેસ ટર્બાઈન્સ બનાવવા માટે આ કંપની વિશ્વ વિખ્યાત છે. ઉલ્લેખનીય છે કે બંને દેશો યુદ્ધ જહાજોનાં નિર્માણમાં સાથે કામ કરે છે. કારણ કે બંનેને તેમાં લાભ છે.સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગઈકાલે તુશિલ નામક ળિગેટ તરતી મૂકી. આ ફ્રિગેટ મલ્ટી રોલ, સ્લીધ ગાઈડેડ મિસાઈલ્સ સજ્જ છે. તુશિલનો અર્થ છે ઢાલ. તેનાં ચિન્હ ઉપર લખેલું છે. INS તુશીલ એ ક્રિવાક III વર્ગનું ફ્રિગેટ છે, જે અદ્યતન મિસાઈલોથી સજ્જ છે. ભારતીય નૌકાદળ હાલમાં આવા છ યુદ્ધ જહાજોનું સંચાલન કરે છે. તે બધા રશિયામાં બનાવવામાં આવે છે. રશિયામાં બનાવવામાં આવી રહેલા બે યુદ્ધ જહાજો ઉપરાંત ભારતમાં વધુ બે જહાજ બનાવવામાં આવનાર છે. આ ગોવા શિપયાર્ડમાં બને તેવી શક્યતા છે. રસપ્રદ વાત એ છે કે આ યુદ્ધ જહાજોમાં ઉપયોગમાં લેવાતા પ્રાથમિક એન્જિન યુક્રેનમાં બનેલા છે. ભારતીય નૌકાદળના કાફલામાં મોટાભાગના જહાજો ગેસ ટર્બાઈન એન્જિનનો ઉપયોગ કરે છે, જે યુક્રેનિયન કંપની ઝોરિયા-માશપ્રોક્ટ દ્વારા બનાવવામાં આવે છે. આ કંપની મરીન ગેસ ટર્બાઈનના ઉત્પાદનમાં વિશ્વની ટોચની કંપનીમાં ગણાય છે.અત્રે એ નોંધનીય છે કે જ્યારે ભારતે આ યુદ્ધ જહાજનો ઓર્ડર આપ્યો છે ત્યારે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે અને બંને દેશોએ યુદ્ધની વચ્ચે આ ઓર્ડર આપ્યો છે. પરંતુ તેને પૂર્ણ કરવાનો પડકાર પણ મોટો હતો. ભારતે યુક્રેન પાસેથી આ એન્જિન ખરીદવાના હતા અને તેને યુદ્ધ જહાજ પર સ્થાપિત કરતા પહેલા રશિયાને પહોંચાડવાના હતા. જેના કારણે થોડો વિલંબ થયો છે. પરંતુ તેને પૂર્ણ કરવાનો પડકાર પણ મોટો હતો. ભારતે યુક્રેન પાસેથી આ એન્જિન ખરીદવાના હતા અને તેને યુદ્ધ જહાજ પર સ્થાપિત કરતા પહેલા રશિયાને પહોંચાડવાના હતા. જેના કારણે થોડો વિલંબ થયો છે.

### સીરિયા બળી રહ્યું છે ભડકે છે ત્યારે

# ભારત સરકારે પંચોતેર ભારતીય નાગરિકોને સીરિયામાંથી બહાર કાઢ્યા

### જે લોકોને બહાર કાઢવામાં આવ્યા છે તેમાં જમ્મુ-કાશ્મીરના ૪૪ તીર્થયાત્રીઓનો સમાવેશ થાય છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સીરિયામાં સત્તા હવે બળવાખોર જૂથોના નિયંત્રણમાં છે. બળવાખોરોના કબજામાં હોવા છતાં ઘણી જગ્યાએ વિસ્ફોટ થઈ રહ્યા છે. હુમલાઓ થઈ રહ્યા છે. સરકારી ઈમારતો સળગાવવામાં આવી રહી છે. લૂંટ ચલાવવામાં આવી રહી છે. આ દરમિયાન ભારતે સીરિયામાંથી ૭૫ ભારતીય નાગરિકોને બહાર કાઢ્યા છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, સુરક્ષા સ્થિતિનું મૂલ્યાંકન કર્યા પછી, આ ઓપરેશનનું સંકલન દમાસ્કસ અને બેરૂતમાં ભારતીય દૂતાવાસ દ્વારા કરવામાં આવ્યું હતું.વિદેશ મંત્રાલયે મોડી રાત્રે જારી કરેલા એક નિવેદનમાં કહ્યું કે, 'ભારત સરકારે ૭૫ ભારતીય નાગરિકોને સીરિયામાંથી બહાર કાઢ્યા છે.' વિદેશ મંત્રાલયે વધુમાં કહ્યું કે, તમામ લોકો સુરક્ષિત રીતે લેબનોન પહોંચી ગયા છે અને તેઓ ભારત પરત ફરશે.વિદેશ મંત્રાલયના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'જે લોકોને બહાર કાઢવામાં આવ્યા છે તેમાં જમ્મુ-કાશ્મીરના ૪૪ તીર્થયાત્રીઓનો



સમાવેશ થાય છે, જેઓ સઈદા ઝૈનબમાં ફસાયેલા હતા. તમામ ભારતીય નાગરિકો સુરક્ષિત રીતે લેબનોન પહોંચી ગયા છે અને ઉપલબ્ધ કોમર્શિયલ ફ્લાઈટ્સ દ્વારા ભારત પરત ફરશે, વિદેશ મંત્રાલયે કહ્યું કે સરકાર વિદેશમાં ભારતીય નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપે છે. વિદેશ મંત્રાલયે સીરિયામાં રહેતા ભારતીય નાગરિકોને દમાસ્કસમાં ભારતીય દૂતાવાસ સાથે સંપર્કમાં રહેવાની સલાહ આપી છે. સરકાર સ્થિતિ પર ચાંપતી નજર રાખશે. હયાત તહરિર અલ-શામ (HTS) હવે સીરિયામાં સત્તા પર નિયંત્રણ ધરાવે છે. કમાન બળવાખોરોના હાથમાં આવી ગઈ છે. સ્થિતિ ભયાનક છે. HTS લડવૈયાઓ બશર અલ-અસદ સરકાર અને સેના સાથે જોડાયેલા લોકોને શોધી રહ્યા છે. તે તેમને પકડીને મારી રહી છે. પૂર્વ રાષ્ટ્રપતિ અસદના ભત્રીજાને પહેલા માર મારવામાં આવ્યો અને પછી ચાર રસ્તા પર લટકાવી દેવામાં આવ્યો. તેનું નામ સુલેમાન અસદ છે. સુલેમાન અસદ સીરિયન સેનામાં વરિષ્ઠ અધિકારી હતા. આટલી ઘાતકી હત્યા બાદ અસદના ગઢ લતાકિયામાં લોકો ગુસ્સામાં છે.HTSને ડર એટલો બધો છે કે હવે કુર્દિશ લડવૈયાઓ અને અસદ સેનાના સૈનિકો આત્મસમર્પણ કરી રહ્યા છે. ઘૂંટણિયે બેસીને સૈનિકોએ બળવાખોરોને ટેકો જાહેર કર્યો. HTS ચીફ મોહમ્મદ અલ ગોલાનીએ કહ્યું છે કે સીરિયાના લોકો પર અત્યાચારમાં સામેલ તમામ અધિકારીઓ અને કર્મચારીઓની યાદી બનાવવામાં આવી રહી છે. જે કોઈ આ વિશે માહિતી આપશે તેમને ઈનામ આપવામાં આવશે. ગોલાણીએ એમ પણ કહ્યું કે અમે આવા લોકોને બક્ષીશું નહીં. તેઓ ભયાનક સજા આપશે, જેનું ટ્રેલર પણ અસદના ભત્રીજાને જાહેરમાં ફાંસી આપી હતી.

### રાહુલ ગાંધીને લઈને સંજય રાઉતનું મોટું નિવેદન

# રાહુલ ગાંધીના નેતૃત્વ પર કોઈ સવાલ ઉઠાવતું નથી

### રાહુલ ગાંધી અમારા નેતા છે : શિવસેના-યુબીટી સાંસદ

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

ઈન્ડિયા એલાયન્સમાં નેતૃત્વને લઈને ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે. લાલુ યાદવે કહ્યું છે કે મમતા બેનર્જીને ભારત ગઠબંધનનું નેતૃત્વ સોંપવું જોઈએ. આના પર શિવસેના-યુબીટી સાંસદ સંજય રાઉતની પ્રતિક્રિયા આવી છે. તેમણે કહ્યું કે તેમણે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે રાહુલ ગાંધીના નેતૃત્વ પર કોઈ સવાલ ઉઠાવતું નથી. રાહુલ ગાંધી અમારા નેતા છે.

સંજય રાઉતે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેના વાતાવરણમાં રાહુલ ગાંધીનું મહત્વનું યોગદાન છે. ભારત ગઠબંધનમાં માત્ર કોંગ્રેસ સામેલ નથી. સપા પણ છે, બીજી પાર્ટીઓ પણ છે. કોંગ્રેસે પણ તેમાં ભાગ લેવો જોઈએ અને ચર્ચા કરવી જોઈએ.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા લાલુ યાદવના નિવેદન પર સંજય રાઉતે કહ્યું કે આ અંગે ઈન્ડિયા બ્લોકમાં ચર્ચા ચાલી રહી છે. માત્ર કોંગ્રેસ પાર્ટી જ નથી, અન્ય પાર્ટીઓ પણ છે. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સાથે અમારા સૌહાર્દપૂર્ણ સંબંધો છે. કોંગ્રેસના વધુ સાંસદો ચૂંટાયા છે. દરેક વ્યક્તિએ સાથે બેસીને નેતૃત્વ વિશે ચર્ચા કરવી જોઈએ, જે મહત્તમ સમય આપે છે. કદાચ નવીન પટનાયક પણ તેમાં જોડાઈ શકે છે. તેમની સાથે વાતચીત ચાલી રહી છે.

વાસ્તવમાં લાલુ યાદવે કહ્યું હતું કે મમતા બેનર્જીને ઈન્ડિયા એલાયન્સનું નેતૃત્વ સોંપવું જોઈએ. કોંગ્રેસના વાંધાઓ પર તેમણે કહ્યું કે તેનો કોઈ અર્થ નથી. અમે મમતા બેનર્જીને સમર્થન આપીશું.

આ સિવાય જ્યોર્જ સોરોસ મુદ્દે તેમણે કહ્યું કે કિરેન રિજિજુ વિદેશ વિશે શું જાણે છે. તેમને ખબર નથી કે તેઓ કાલે મંત્રી બનશે કે નહીં. આપણો દેશ એટલો નબળો નથી કે ૯૫ વર્ષનો માણસ વિદેશમાં બેસીને દેશને નબળો કરી શકે. તે બધુ જ નેરેટિવ સેટ કરવા વિશે છે. આ પહેલા ટીએમસી સાંસદ કીર્તિ આઝાદે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતાને ઈન્ડિયા બ્લોકના નેતા બનાવવાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે મમતા બેનર્જી આ પદ માટે 'શ્રેષ્ઠ અનુકુળ' છે કારણ કે તેઓ એકમાત્ર એવા નેતા છે જેમણે તેમના રાજ્ય - પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટી (બીજેપી) ને વારંવાર હરાવ્યા છે. આ સિવાય જ્યોર્જ સોરોસ મુદ્દે તેમણે કહ્યું કે કિરેન રિજિજુ વિદેશ વિશે શું જાણે છે. તેમને ખબર નથી કે તેઓ કાલે મંત્રી બનશે કે નહીં. આપણો દેશ એટલો નબળો નથી કે ૯૫ વર્ષનો માણસ વિદેશમાં બેસીને દેશને નબળો કરી શકે. તે બધુ જ નેરેટિવ સેટ કરવા વિશે છે. આ પહેલા ટીએમસી સાંસદ કીર્તિ આઝાદે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતાને ઈન્ડિયા બ્લોકના નેતા બનાવવાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે મમતા બેનર્જી આ પદ માટે 'શ્રેષ્ઠ અનુકુળ' છે કારણ કે તેઓ એકમાત્ર એવા નેતા છે જેમણે તેમના રાજ્ય - પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટી (બીજેપી) ને વારંવાર હરાવ્યા છે.

### ઈજાના પગલે અટકાવી દેવાઈ પ્રેક્ટિસ

# ત્રીજી ટેસ્ટ મેચ પહેલા રિષભ પંતને થઈ ઈજા

### હાલમાં ઓસ્ટ્રેલીયા સામે ચાલી રહેલી સીરિઝમાં રિષભ પંત પોતાના બેટથી કોઈ જાદુ દેખાડી શક્યો નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

એડિલેડ ટેસ્ટમાં ૧૦ વિકેટે કારમી હારનો સામનો કર્યા બાદ ભારતીય ટીમ હાલ બ્રિસબેનમાં ઓસ્ટ્રેલીયા સામે યોજાનારી ત્રીજી ટેસ્ટની તૈયારીમાં વ્યસ્ત છે. આ દરમિયાન ભારતીય ટીમનો વિકેટકીપર અને બેટર રિષભ પંત પણ બેટિંગની પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો. પરંતુ પ્રેક્ટિસ દરમિયાન રિષભ પંત ઈજાગ્રસ્ત થઈ ગયો હતો. તે એવા સમયે ઈજાગ્રસ્ત થયો છે કે, આગામી ટેસ્ટમાં તેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેવાની છે. પ્રેક્ટિસ દરમિયાન નેટ્સમાં થ્રોડાઉન સ્પેશિયાલિસ્ટ રઘુ રિષભ પંતને બોલિંગ કરી રહ્યો હતો. રઘુ સાઈડઆર્મ(ક્રિકેટનું સાધન) વડે બોલિંગ કરીને પંતને પ્રેક્ટિસમાં મદદ કરી રહ્યો હતો. પરંતુ બોલ સીધો તેના હેલ્મેટ પર લાગ્યો હતો. ત્યારે જ પંતને ઈજા થઈ ગઈ હતી. ઈજાગ્રસ્ત થયા બાદ પંતે બેટિંગ પ્રેક્ટિસ બંધ કરી દીધી હતી. ત્યારબાદ મેડિકલ સ્ટાફના સભ્ય, ભારતના ફિલ્ડિંગ કોચ ટી. દિલીપ અને સહાયક કોચ રેયાન ટેન ડોશટ તેની પાસે આવી ગયા હતા. પંતની તપાસ કરવામાં આવી હતી. જોકે રિષભ પંત અત્યારે એકદમ ઠીક છે. તેને સામાન્ય ઈજા થઈ હતી. થોડા સમય પછી પંતે ફરીથી પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી. હાલમાં ઓસ્ટ્રેલીયા સામે ચાલી રહેલી સીરિઝમાં રિષભ પંત પોતાના બેટથી કોઈ જાદુ દેખાડી શક્યો નથી. પર્થ ટેસ્ટમાં તેનું બેટ શાંત રહ્યું હતું. જ્યારે એડિલેડ ટેસ્ટમાં પણ તે કંઈ ખાસ પ્રદર્શન કરી શક્યો ન હતો.

### ફાયર વિભાગના ૨૫ વાહનોએ આગ પર કાબૂ મેળવ્યો

# બાકરોલના શ્યામ ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં વેરહાઉસમાં વિકરાળ આગ ભભૂકી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

શહેરની નજીક આવેલા બાકરોલ વિસ્તારમાં સ્ટ્રીટ શ્યામ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલા એક વેરહાઉસમાં મંગળવારે આગ ફાટી નીકળી હતી. અમદાવાદ અને ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમો ૨૫ જેટલા વાહનો સાથે ઘટનાસ્થળે પહોંચી આગ કાબૂમાં લીધી હતી. વેરહાઉસમાં પેકેજિંગ મટિરિયલના પેપર બેઝ રો મટિરિયલ્સમાં આકસ્મિક આગ ફાટી નીકળી હતી. ફાયરની ટીમે સાવચેતીના ભાગરૂપે આસપાસના એકમો ખાલી કરાવીને આગ પ્રસરે નહીં તેના માટે પ્રયાસ કર્યો હતો. બાકરોલ વિસ્તારમાં સ્ટ્રીટ શ્યામ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલા પ્લોટ નંબર ૪૩૪માં જય અંબે ટ્રેડિંગ કંપનીના વેરહાઉસમાં ઓચિંતા આગ ફાટી નીકળી હતી. આ અંગે ફાયરબ્રિગેડને જાણ કરતાં ટીમો વોટર ટેન્કર્સ સહિતના કાફલા સાથે પહોંચી આગ કાબૂમાં લેવા પ્રયાસ કર્યો હતો. ફાયર વિભાગે આસપાસઅં બીજા વેરહાઉસને તથા અન્ય એકમોને ખાલી કરાવી દીધા હતા. જો કે વેરહાઉસમાં પેપર બેઝ રો-મટિરિયલ હોવાથી આગે આંખના પલકારામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ વિકરાળ બનતાં અમદાવાદ અને ગાંધીનગરના ૨૫ જેટલા ફાયર ફાઈટર મોકલવામાં આવ્યા હતા. ફાયરની ટીમે સતત પાણીનો મારો ચલાવીને વેરહાઉસમાં લાગેલી આગ પર કાબૂ મેળવવામાં સફળતા હાંસલ કરી હતી. ફાયર વિભાગે આસપાસઅં બીજા વેરહાઉસને તથા અન્ય એકમોને ખાલી કરાવી દીધા હતા. જો કે વેરહાઉસમાં પેપર બેઝ રો-મટિરિયલ હોવાથી આગે આંખના પલકારામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

## દાણીલીમડામાં શ્વાનને મારતાં આધેડ પર તલવારથી હુમલો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

આજકાલ લોકો ઘરે બેઠા ઓનલાઈન સામાન ઓર્ડર કરે છે. ખાવાનું પણ હવે ઓનલાઈન ઓર્ડર કરવામાં આવી રહ્યું છે. દિવસ હોય કે રાત, જ્યારે પણ ભૂખ લાગે ત્યારે ઝોમેટો અને સ્વિગી જેવી ફૂડ ડિલિવરી એપ પરથી ફૂડ ઓર્ડર કરી શકો છો. ગરમ ખોરાક થોડીવારમાં જ તમારા સુધી પહોંચી જશે. હાલમાં ફૂડ ડિલિવરી એપ્લિકેશન સાથે સંબંધિત ગ્રાહકનો એક ખૂબ જ રમુજી કિસ્સો આ દિવસોમાં સમાચારમાં છે.એક વ્યક્તિના ઘરમાં નોન-વેજની મંજૂરી ન હતી. જ્યારે તેને નોન-વેજ ખાવાની ઈચ્છા થઈ, ત્યારે તેણે ઝોમેટો પરથી પોતાના માટે ચિકનનો ઓર્ડર આપ્યો. જો કે, આ સાથે તેણે ઝોમેટોને એક ખૂબ જ વિચિત્ર વિનંતી કરી હતી. વ્યક્તિએ ઝોમેટોને વિનંતી કરી કે તેને ફૂડનું બિલ ન મોકલો. આ સિવાય પેકેટ પર ક્યાંય ન લખો કે તેણે ભોજન માટે ચિકનનો ઓર્ડર આપ્યો છે. એટલું જ નહીં, તેણે કંપનીને બીજી એક ખૂબ જ રમુજી વિનંતી કરી.

### ઓસી.ને તેની ભાષામાં જ જવાબ આપવો જોઈએ : શાસ્ત્રી

# ચાલુ મેચમાં બબાલ કરનારા મોહમ્મદ સિરાજના સમર્થનમાં ઉતર્યા રવિ શાસ્ત્રી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રી ઈચ્છે છે કે ઝડપી બોલર મોહમ્મદ સિરાજ બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં પોતાનું આક્રમક વલણ ચાલુ રાખે. શાસ્ત્રીએ કહ્યું હતું કે, સિરાજે પાછળ હટવું ન જોઈએ. અમારા સમયમાં ઓસ્ટ્રેલિયાને તેની જ ભાષામાં સમજાવવાનું માનવામાં આવતું હતું. આખી સીરિઝ દરમિયાન એક પણ ભારતીય ખેલાડીએ એક પગલું પણ પાછળ હટવું ન જોઈએ. એડિલેડ ટેસ્ટમાં પ્રેક્ષકો દ્વારા મોહમ્મદ સિરાજનું હૂટિંગ કરવામાં આવ્યું હતું. આ મેચ દરમિયાન સિરાજની માર્નસ લાબુશેન અને ટ્રેવિસ હેડ સાથે બોલાચાલી થઈ હતી. જેના કારણેઁ ઝઝએ સિરાજને મેચ ફીના ૨૦ ટકા દંડ અને એક ડીમેરિટ પોઈન્ટ પણ આપ્યો હતો. શાસ્ત્રીએ કહ્યું હતું કે, મને ખાતરી છે કે સિરાજ અને હેડ ઘણાં પરિપક્વ ખેલાડી છે. આ બાબતોને કેવી રીતે ઉકેલી શકાય તેઓ એ જાણે છે. ગમે તે હોય છગ્ગા ફટકાર્યા પછી હું ઝડપી બોલર પાસેથી કંઈ અપેક્ષા રાખી શકતો ન હતો. સિરાજે થોડી લાગણીઓ વ્યક્ત કરી હતી, જે કોઈ પણ ઝડપી બોલર કરી શકે છે. જ્યારે હું રમતો હતો ત્યારે મારી નીતિ સામેવાળાને તમારાથી બને તેટલો શ્રેષ્ઠ જવાબ આપવાની હતી. જ્યારે હું કોચ તરીકે ઓસ્ટ્રેલિયાના પ્રવાસ પર ગયો હતો. ત્યારે મેં મારા ખેલાડીઓને આ જ વાત કહી હતી. એક ડગલું પણ પાછું ન લેવું જોઈએ. આ ટીમનું વલણ બની ગયું અને ત્યારથી વિરાટ કોહલી, રિષભ પંતથી લઈને ટીમના તમામ સભ્યોએ ઓસ્ટ્રેલિયાને તેની ભાષામાં જ જવાબ આપ્યો હતો.

**વિશેષ** :-દરેક દીકરીને પહેલેથી જ પોષણયુક્ત આહાર, યોગ્ય શિક્ષણ, આરોગ્યપ્રદ જીવન મળે, એ સરકારની નેમ છે

# મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાની અધ્યક્ષતામાં અમદાવાદ ખાતે અમદાવાદ ઝોન કક્ષાનો 'ભૂલકા મેળો' યોજાયો

। (માહિતી) ગાંધીનગર ।

અમદાવાદના સાયન્સ સિટી ખાતે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનાં મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના અધ્યક્ષસ્થાને સંકલિત બાળ વિકાસ સેવા યોજના અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર તથા ગાંધીનગર ગ્રામ્ય આઈ.સી.ડી.એસ. વિભાગના સંયુક્ત ઉપક્રમે 'પા પા પગલી' અંતર્ગત ઝોન કક્ષાના ભૂલકા મેળો-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત આ ભૂલકા મેળામાં મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાએ જણાવ્યું હતું કે, ભૂલકાઓ માટે આ મેળો એક વિશેષ આનંદ આપનારો છે. બાળકોના બૌદ્ધિક વિકાસ અને સામાજિક વિકાસ માટે આવા ભૂલકા મેળા જરૂરી છે. રાજ્ય સરકાર આવા ભૂલકા મેળાનું આયોજન કરી બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ છે. અત્યારના ટેકનોલોજીના યુગમાં મોબાઈલ આપીને વાલીઓ તેમનું નુકસાન કરે છે, તો આ ટેકનોલોજીથી બાળકને નુકસાન ના થાય તે રીતે તેનો ઉપયોગ કરવો જોઈએ તેવી સલાહ મંત્રીશ્રીએ આપી હતી. ભૂલકા મેળામાં પા પા પગલી



અંતર્ગત થયેલા વિવિધ સ્ટોલ નિદર્શનની મંત્રીશ્રીએ પ્રશંસા કરી હતી. સગર્ભા માતાઓ, બાળકો, બધા લાભાર્થીઓને આંગણવાડીમાંથી ટેક હોમ રાશન (THR)નો લાભ લેવા જણાવ્યું હતું. મંત્રીશ્રીએ આગામી સમયમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા એક કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો હતો જેમાં સરગવાની વાનગીઓ દ્વારા મહિલાઓ અને બાળકોને પોષણનું ધ્યાન રાખવામાં આવશે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, સરકાર દ્વારા મહિલાઓ, બાળકો, દીકરીઓ, કિશોરીઓની ચિંતા કરવામાં આવે છે. દીકરા અને દીકરી વચ્ચેનો ભેદ દૂર કરી, વિચારધારામાં પરિવર્તન લાવી સમાજમાં પરિવર્તન લાવવા માટે સૌએ પ્રયત્ન કરવો જોઈએ. આજની દીકરી આવતી કાલની માતા છે એટલે દીકરીને પહેલેથી જ પોષણયુક્ત આહાર, શિક્ષણ, આરોગ્યપ્રદ જીવન મળે તેનું ધ્યાન રખાય, એ સરકારની નેમ છે. બાળક જન્મનાં ૧૦૦૦ દિવસ સુધી બાળક અને માતા બંનેના આરોગ્યનું ધ્યાન રાખવું જોઈએ. બાળકના જન્મ બાદના એક કલાકમાં માતાનું દૂધ આપવું જોઈએ કેમ કે, આ પ્રથમ દૂધથી બાળકની રોગ પ્રતિકારક શક્તિ વધે છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત હશે તો આપણા બાળકો શ્રેષ્ઠ બનશે, અને આ બાળકો જ વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન સાકાર કરી ભારતને વિશ્વગુરુ બનાવવામાં ભાગીદાર બનશે. આ પ્રસંગે મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સચિવ શ્રી રાકેશ શંકરે પ્રાસંગિક ઉદ્બોધન કરી સૌને આવકાર્યા હતા. તેમણે પા પા પગલી યોજના વિશે વાત કરી હતી અને આંગણવાડીમાં બાળકો માટે કરાઈ રહેલી પ્રવૃત્તિઓ વિશે પણ માહિતી આપી હતી. અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર બાળકોના સર્વાંગી વિકાસ પર સતત કાર્યરત છે ત્યારે આઈ.સી.ડી.એસ દ્વારા બાળકો માટે અવનવી પહેલનું આયોજન કરવામાં આવે છે. પોષણ યોજના અને દૂધ સંજીવની યોજનાઓ થકી આઈસીડીએસ વિભાગ કુપોષણને નાથવા અડગ છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયાના હસ્તે વિવિધ આંગણવાડી કાર્યકરો, તેડાગર બહેનો અને મુખ્ય સેવિકા બહેનોને વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના માતા યશોદા એવોર્ડ એનાયત કરાયા હતા. સાથે જ, આ ભૂલકા મેળામાં અમદાવાદ ઝોનના આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા બાળકોના અભ્યાસ માટે તૈયાર કરવામાં આવેલી ટીચિંગ લર્નિંગ મટિરિયલ્સ (ટીએલએમ) સામગ્રી તથા આંગણવાડીમાં બાળકોને આપવામાં આવતા બાળશક્તિ તેમજ અન્ય પોષક સામગ્રીમાંથી બનાવેલી વાનગીના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા, જેનું મહેમાનશ્રીઓ દ્વારા નિરિક્ષણ કરવામાં આવ્યું હતું. આ ટીચિંગ લર્નિંગ મટિરિયલ્સની શ્રેષ્ઠ કૃતિઓને પંસદ કરી નિર્ણાયકો દ્વારા તેને પ્રથમ, દ્વિતિય અને તૃતિય નંબર આપેલ હતા. ઉપરાંત, પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંબંધિત બાળ ઉપયોગી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત, આંગણવાડીનાં નાનાં ભૂલકાંઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી કૃતિઓ તથા પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર દ્વારા કૃતિઓ પ્રસ્તુત કરવામાં આવી હતી. સ્ટોલ અને કૃતિ પ્રસ્તૃતિકરણમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર બાળકો, આંગણવાડી કાર્યકરો અને પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટરને મહાનુભાવોના હસ્તે પ્રમાણ પત્ર અને મેડલ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બાળકોને ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા, આઈ.સી.ડી.એસ. વિભાગના કમિશ્નર શ્રી ડો.રણજીત સિંઘ, અમદાવાદ જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.પટેલ, અમદાવાદ મ્યુનિ.ના શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગ પ્રજાપતિ તથા મ્યુનિ. મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેનશ્રી અને અમદાવાદ તથા ગાંધીનગર ઝોનમાં સમાવિષ્ટ આઈ.સી.ડી.એસ વિભાગની બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

**ફૂડ વિભાગે તેલના નમુના લીધા । ૧૦,૦૦૦ લિટર પામોલીન તેલ શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડી તેની સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે**

# દાહોદના ખરેડી GIDCની ઓઇલ ફેક્ટરીમાંથી લાખોનો શંકાસ્પદ ખાદ્યતેલનો જથ્થો જપ્ત

। (એજન્સી) દાહોદ, તા.૧૧ ।

દાહોદ તાલુકાના ખરેડી જી.આઈ.ડી.સી વિસ્તારમાંથી દાહોદ એસ.ઓ.જી પોલીસે છાપો મારી એક વેપારીને ત્યાંથી શંકાસ્પદ પામોલીન તેલનો જથ્થો તથા બિલ વગરના અને અન્ય સાહિત્ય ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર દાહોદ ગ્રામ્ય પોલીસ મથકની હદમાં આવેલી ખરેડી જીઆઈડીસીમાં ન્યુ બાબજી એન્ટરપ્રાઈઝ નામે તેલનો ધંધો કરતા એક ઈસમને ત્યાં દાહોદ જિલ્લા એસ.ઓ.જી પોલીસે બાતમીના આધારે છાપો મારી અલગ અલગ બ્રાન્ડના પામોલીન તેલ સોયાબીન તેલ કપાસિયા તેલની બનાવટો અલગ અલગ ૧૭ ખાદ્ય તેલની બ્રાન્ડના સ્ટીકરો તથા એક છોટા હાથીમાં રાખેલ પામોલીન તેલ ભરેલા ડબ્બાઓ ખાલી બેરેલો તેમજ કારખાનામાં રાખેલ ૧૦,૦૦૦ લિટર પામોલીન તેલ શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડી તેની સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.એસોજી પોલીસે ઝડપી પાડેલું સાહિત્ય અને તેલ અખાદ્ય છે કે ખાદ્ય છે તેની તપાસ હાથ ધરવા અત્રેના ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગને બોલાવી તેના સેમ્પલો લેવડાવી આગળની તપાસ હાથ ધરી



ગઈ એટલું જ નહીં પોલીસે જી.આઈ.ડી.સી માં છાપો મારી આ ફેક્ટરીમાંથી મુરતુજાવાલા નામના ઈસમની અટક પણ કરેલ છે.પોલીસે કુલ ૧૫,૪૫,૨૯૯૦ નો મુદ્દામાલ કબજે કરી અત્રેના ગ્રામ્ય પોલીસ મથકમાં જાણવા જોગ દાખલ કરેલ છે. એસઓજી પોલીસે કબજે કરેલ મુદ્દામાલ પૈકી અલગ અલગ બ્રાન્ડના તેલના પાઉચ નંગ ૪૫૬ કિંમત રૂપિયા ૭૦,૮૦૦ અલગ અલગ બ્રાન્ડના તેલના કેન નંગ ૧૬ કિંમત રૂપિયા ૪૪,૦૦૦ અલગ અલગ બ્રાન્ડના તેલની બોટલ ૨૪ કિંમત રૂપિયા ૨૪૦૦ અલગ અલગ ૧૭ બ્રાન્ડના ૨૫ સ્ટીકરો કુલ સ્ટીકર ૪૨૫ એક છોટા હાથી રજીસ્ટર નંબર GJ-02-CJ- 2198 નંબરનો કિંમત રૂપિયા બે લાખનો ટેમ્પામાં ભરેલ ૧૫ કિલોના ૧૦૪ ડબ્બામાં ભરેલ કુલ ૧૫૦૫ કિલો શંકાસ્પદ પામોલીન તેલ કિંમત રૂપિયા ૨૭૯૦ ખાલી બેરલ નંગ ૫ કિંમત રૂપિયા ૧૦૦૦ તથા સ્થળ ઉપર ૨૫,૦૦૦ લિટરના ટાંકામાં આશરે ૧૦,૦૦૦ પામોલીન કિંમતનો કુલ મળી ?૧૫,૪૫,૨૯૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. દાહોદ જીઆઈડીસી વિસ્તારમાં મળેલા મુદ્દામાલ અંગે જીર પી.આઈ.ડીવાયએસપી જગદીશ ભંડારીની આગેવાનીમાં વધુ તપાસ હાથ ધરી જે તે સંબંધિત વિભાગોને જાણ કરેલ હોવાનું જણાવ્યું છે. જોકે વેપારીએ ટેક્સની ચોરી કરી છે. ઝડપાયેલો શંકાસ્પદ જથ્થો ખાદ્ય છે કે અખાદ્ય છે તેવી અનેક તપાસ બાદ જો કંઈક અજગતું મળી આવશે તો વેપારી વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે .

**ગુજરાત સરકાર અને શહેર પોલીસ કમિશનરને લેખિત રજૂઆત**

## વડોદરામાં અટલ બ્રિજ પર ઢાળ નહીં ચડી શકતા ભારદારી વાહનો માટે પ્રતિબંધ મૂકવાની માંગણી

**એક તરફ સીધા જવા માટે બનાવેલા બે ટ્રેક રસ્તાઓ પૈકી ડાબી બાજુના એક ટ્રેક ઉપર થી સ્કુટર, મોટરસાયકલ તેમજ અન્ય ખાનગી વાહનો તેમની સામાન્ય ગતિએ પસાર થતા હોય છે**

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલા અટલ બ્રીજ ઉપર ઊંચા ઢાળના ચઢાણ પર અતિભારદારી વાહનો, ડમ્પર, પેસેન્જર રીક્ષા, માલવાહક ટેમ્પા, ટ્રેક્ટર ટ્રેઈલર કચરાની ખુલ્લી ગાડીઓ વગેરેને પસાર થવું અઘરું અને મુશ્કેલ પડતું હોવાથી ટ્રાફિક જામ કરે છે જેના લીધે આવા વાહનો માટે અટલ બ્રીજ ઉપર પ્રવેશ પ્રતિબંધ મુકવા માંગણી કરવામાં આવી છે.



વિશ્વામિત્રી બચાવો સમિતિ દ્વારા ગુજરાત સરકાર અને શહેર પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી છે કે અટલ બ્રીજને ખુલ્લો મુક્યા બાદ વહીવટી તંત્રની બેદરકારીને કારણે બ્રીજ ઉપરથી પસાર થવું મુશ્કેલ એટલે બની ગયું છે કે બ્રીજ ઉપર જવા માટે ઉભો ઢાળ ચડવા માટે ભારદારી વાહનો ટ્રાફિક જામની સમસ્યા ઉભી કરીને મોટા અવરોધો ઉભા કરે છે. એક તરફ સીધા જવા માટે બનાવેલા બે ટ્રેક રસ્તાઓ પૈકી ડાબી બાજુના એક ટ્રેક ઉપર થી સ્કુટર, મોટરસાયકલ તેમજ અન્ય ખાનગી વાહનો તેમની સામાન્ય ગતિએ પસાર થતા હોય છે. જયારે સીધા જતા ડિવાઈડર બાજુના ટ્રેક ઉપર ભારદારી વાહનો કે જેમાં નિયત વજનથી અનેક ગણું વધારે વજન ભરેલું હોવાથી ઢાળ ખૂબ ધીમે ચડે છે.

પેસેન્જર રીક્ષામા ઓછી તાકાત ધરાવતું એન્જીન હોવા છતાય ત્રણ કરતા વધારે પેસેન્જર બેસાડેલા હોય છે. પેસેન્જર રીક્ષા હોવા છતાય વજનદાર માલવહન કરતી રીક્ષાઓ, ધીમી ગતિ એ ઈંટો, રેતી, કપચી, રોડા છારુ ભરીને નીકળતા ટ્રેક્ટર ટ્રેઈલર, ડોર ટુ ડોર વેસ્ટ માટેના ટેમ્પાઓ વચ્ચે ચાલતા હોવાથી પાછળ પેસેન્જર વાહન ચાલકોની લાઈન થઈ જાય છે.

**૨.૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને થશે લાભ**

## ધો.૧૦-૧૨ના નાપાસ વિદ્યાર્થીઓને મુખ્ય-પૂરક પરીક્ષાના પરિણામમાંથી શ્રેષ્ઠ પરિણામ રહેશે ગ્રાહ્ય

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અંતર્ગત 'Best Of Two Exam'માં રાજ્યના ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ બોર્ડની પૂરક પરીક્ષા આપીને પોતાનું પરિણામ સુધારી શકશે. જેમાં મુખ્ય અને પૂરક પરીક્ષામાંથી જેનું પરિણામ શ્રેષ્ઠ હશે તે પરિણામને ગ્રાહ્ય રાખવામાં આવશે. આ સાથે જે વિદ્યાર્થી મુખ્ય પરીક્ષા આપ્યા બાદ વધુ સારુ પરિણામ મેળવવા માટે પૂરક પરીક્ષા આપવા ઈચ્છતો હોય તો તે આપી શકશે અને જેમાંથી વધુ સારા પરિણામની વિદ્યાર્થીને માર્કશીટ પણ આપવામાં આવશે. જ્યારે મુખ્ય પરીક્ષા આપી ન હોય તેવા વિદ્યાર્થીઓને પૂરક પરીક્ષા આપવા મળશે નહી. રાજ્યના વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ધોરણ ૧૦ અને ૧૨માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને તેમની મુખ્ય પરીક્ષા અને પૂરક પરીક્ષાના પરિણામમાંથી વધુ સારા પરિણામને ધ્યાને લેવાશે. વર્ષ ૨૦૨૪માં રાજ્યમાં અંદાજિત કુલ ૧.૨૮ લાખથી વધુ વિદ્યાર્થીઓ ધોરણ ૧૦માં નાપાસ થયા, જ્યારે ધોરણ ૧૨ના સામાન્ય પ્રવાહમાં ૫૬ હજારથી વધુ અને વિજ્ઞાન પ્રવાહમાં ૨૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આમ કુલ ૨.૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને 'Best Of Two Exam'નો લાભ મળી મળશે.

**ગાડીની તપાસ કરતા તેમાંથી દારૂની બોટલ મળી આવી**

## પીકઅપ ડાલામાં સ્વાઇપ ચોરખાનામાં એક એક મોજામાં વિંટાળેલી દારૂની બોટલો ઝડપાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

શહેર પોલીસ કંટ્રોલરૂમમાં એક વ્યક્તિએ ફોન કરીને તેના સસરાની રાજકોટથી ચોરી થયેલી ગાડી બોડકદેવ ગાર્ડન પાસે હોવાની જાણ કરી હતી. મેસેજના આધારે બોડકદેવ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. જ્યાં કંટ્રોલરૂમમાં ફોન કરનારી વ્યક્તિ મળી આવી હતી. પોલીસે ગાડીની તપાસ કરતા તેમાંથી દારૂની બોટલ મળી આવી હતી. બાદમાં વધુ તપાસ દરમિયાન ગાડીમાંથી દારૂની બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસ દોઢ કલાક સુધી ગાડી લેવા આવનારની વોચમાં બેઠી હતી. બાદમાં બે શખ્સો આવ્યા હતા, જેમાંથી એક શખ્સ ગાડીમાં જ્યારે બીજો શખ્સ બાજુમાં પડેલા પીકઅપ ડાલામાં બેસવા જતો હતો. પોલીસે બંનેને ઝડપી પાડી ગાડી અને પીકઅપ ડાલામાં તપાસ કરતા દારૂ-બિયરનો જથ્થો મળ્યો હતો.

આરોપીઓએ પીકઅપ ડાલામાં હાઈડ્રોલીક ચોરખાનું બનાવીને દારૂની બોટલો ફુટે નહિ તે માટે મોજાની અંદર એક એક દારૂની બોટલો છૂપાવી હતી. બોડકદેવ પોલીસે બંને આરોપીની ધરપકડ કરી ૩૪૯ બોટલ દારૂ અને ૪૮ બિયરના ટીન તથા વાહનો મળીને કુલ ૧૭.૫૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

## ચેક રિટર્નના કેસ માટે અમદાવાદમાં પહેલીવાર રિમોટ એજ્યુડીકેશન કોર્ટ શરુ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

સ્ટેટવાઈડ એક્સેસ ટુ રિમોટ એડજ્યુડીકેશન સિસ્ટમ(સારસ) પ્રોજેકટના ભાગરૂપે ગુજરાતના ન્યાયતંત્રમાં સૌપ્રથમવાર લાલ દરવાજા અપના બજાર બહુમાળી બિલ્ડીંગ ખાતે ચેક રિટર્નના કેસોની વધારાની પાંચ નવી ઓનલાઈન કોર્ટ શરુ કરવામાં આવી છે. જેનું ઉદ્ઘાટન તાજેતરમાં સુપ્રીમકોર્ટના જસ્ટિસ સૂર્યકાંત દ્વારા વર્ચ્યુઅલી રીતે ગુજરાત હાઈકોર્ટ ખાતેથી કરવામાં આવ્યું હતું. આ પાંચ નવી ઓનલાઈન કોર્ટ (રિમોટ એડજ્યુડીકેશન કોર્ટો) શરુ થતાં હવે દેશના કોઈપણ ખૂણેથી ચેક રિટર્નના કેસનું ઓનલાઈન ફાઈલિંગ થઈ શકશે અને કોઈપણ જગ્યાએથી વકીલ કે પક્ષકારો તેમના કેસો વર્ચ્યુઅલી ચલાવી શકશે.